| | |
|---|---|
| Received on | 08-03-2017 |
| Registered on | 08-03-2017 |
| Decided on | 09-03-2026 |

| Duration | Yr | Mo. | Ds. |
|---|---|---|---|
| | | | |

**<u>ફોજદારી કેસ નં:</u> <u>૬૦/૨૦૧૭</u>**

**આંક:**

**::ફોર્મ–એ::**

| | |
|---|---|
| હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,<br>મુ. હળવદ(એન.જી.સુરતી )GJ-00711<br>ચુકાદાની તારીખ – ૦૯/૦૩/૨૦૨૬<br>ક્રિમિનલ કેસ નંબર : ૬૦/૨૦૧૭<br>હળવદ પો.સ્ટે. ફર્સ્ટ પાર્ટ ગુ.ર.નં. ૧૦૩/૨૦૧૫ | |
| ફરીયાદપક્ષ: | શ્રી સરકાર |
| રજુઆત: | વિ.એ.પી.પી.શ્રી એ.પી.માલવાણીયા |
| આરોપી પક્ષ: | ભરત ઉર્ફે કાળુ કરમણભાઈ ઉર્ફે બાબુભાઈ આહીર, રહે.મયુરનગર, પ્રાથમિક શાળાની બાજુમાં, તા.હળવદ, જી.મોરબી. |
| રજુઆત: | આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.ડી.ગણેશીયા |

| | |
|---|---|
| **ગુન્હો** | ઈ.પી.કો. કલમ:૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ. |

## ::ફોર્મ–બી::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | તા. ૧૫/૦૮/૨૦૧૫ |
| એફ.આઈ.આર. ની તારીખ | તા. ૧૫/૦૮/૨૦૧૫ |
| ચાર્જશીટની તારીખ | તા. ૦૮/૦૩/૨૦૧૭ |
| ચાર્જફ્રેમ કર્યાની તારીખ | તા. ૦૧/૧૧/૨૦૧૭ |
| પુરાવો શરુ કર્યાની તારીખ | તા. ૨૧/૦૭/૨૦૧૮ |
| કઈ તારીખે કામ ઠરાવ પર રાખ્યું | તા. ૦૯/૦૩/૨૦૨૬ |
| ઠરાવની તારીખ | તા. ૦૯/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | નીલ |

| ક્રમ | આરોપીઓનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર. પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ભરતભાઈ ઉર્ફે કાળુ કરમણભાઈ ઉર્ફે બાબુભાઈ આહીર | ૧૭/૮/૧૫ | ૧૭/૮/૧૫ | આઈ.પી.સી કલમ– ૩૨૩, ૩૫૪ ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી. એકટ ૧૩૫ | (એબેટ) | નીલ | નીલ |

## FORM C

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **સાક્ષી** | **નામ.** |
|---|---|---|---|
| ૧. | ૯ | ફરીયાદી | જશુબેન ચંદુભાઈ દલવાડીની જુબાની |
| ૨. | ૧૮ | સાહેદ | વાસુદેવભાઈ ચંદુભાઈ કણઝરીયાની જુબાની |
| ૩. | ૨૨ | સાહેદ | નારણભાઈ ધનજીભાઈની જુબાની |
| ૪. | ૨૩ | સાહેદ | મુળીબેન ચંદુભાઈની જુબાની |

| | | | |
|---|---|---|---|
| ૫. | ૨૪ | સાહેદ | ભાવનાબેન ચંદુભાઈની જુબાની |
| ૬. | ૨૫ | સાહેદ | ભાવનાબેન વાસુદેવભાઈની જુબાની |
| ૭. | ૨૬ | સાહેદ | ચંદુભાઈ ઘનાભાઈની જુબાની |
| ૭. | ૨૭ | સાહેદ | ચંપાબેન નારણભાઈની જુબાની |
| ૮. | ૨૮ | સાહેદ | પ્રભાતભાઈ હરજીની જુબાની |
| ૯. | ૨૯ | પંચ | સુરેશભાઈ અંબારામભાઈની જુબાની |
| ૧૦. | ૩૨ | પંચ | પ્રભાતભાઈ સુખાભાઈની જુબાની |
| ૧૧. | ૩૪ | પંચ | રમેશભાઈ ભારમલભાઈની જુબાની |
| ૧૨. | ૩૭ | સાહેદ | ર્ડા. અશ્વિનભાઈ રમણીકભાઈ આદ્રોજાની જુબાની |
| ૧૩. | ૪૪ | સાહેદ | ર્ડા. જીનેશભાઈ સુમનલાલની જુબાની |
| ૧૪. | ૪૮ | ત.ક.અ. | હર્ષદરાય વ્રજલાલની જુબાની |
| ૧૫. | ૫૧ | સાહેદ | પ્રદીપસિંહ હર્ષદસિંહની જુબાની |
| ૧૬. | ૬૫ | સાહેદ | ગનીભાઈ સચદુભાઈ કુરેશીની જુબાની |

**ફરીયાદપક્ષે** /બચાવપક્ષે/કોર્ટ તરફે સાહેદ લીસ્ટ–:

| **ક્રમ નં.** | **આંક** | **દસ્તાવેજનુ વર્ણન.** |
|---|---|---|
| ૧. | ૧૦ | અસલ ફરીયાદ |
| ૨. | ૩૦ | સ્થાનિક જગ્યાનું પંચનામું |
| ૩. | ૩૩ | અટક પંચનામું |
| ૪. | ૩૮, ૩૯ | સારવાર સર્ટીફીકેટ |
| ૫. | ૪૦, ૪૧ | ઓ.પી.ડી. સર્ટીફીકેટ |
| ૬. | ૪૨ | પોલીસ યાદી |

| | | |
|---|---|---|
| ૭. | ૪૫, ૪૬ | સારવાર સર્ટીફીકેટ |
| ૮. | ૪૭ | રીફર નોટ |
| ૯. | ૫૨ | જાહેરનામું |

હળવદ.

તા.૦૯/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

***:: ઠ રા વ ::***

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા.૧૫/૦૮/૨૦૧૫ના સવારના ૮:૩૦ વાગ્યે આ કામના ફરીયાદીનું આરોપીએ બાવડું પકડી છેડતી કરી ફરીયાદીને છોડાવા સાહેદ વચ્ચે પડતા ફરીયાદી તથા સાહેદને ગાળો આપી ફરીયાદી તથા સાહેદના કપડા ફાડી નાખી, ફરીયાદી તથા સાહેદને લોખંડના સળીયા વતી હાથમાં મારી, ઈજા કરી, મારી નાખવાની ધમકી આપી, મ્હે. જીલ્લા મેજી.સાહેબ જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે.

**(૨)** આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થતાં,આરોપીઓ સામે ઉપરોકત ગુન્હાનું સંજ્ઞાન લઈ,આરોપીઓને સમન્સ કરવામાં આવેલ જે અનુસંધાને આરોપીઓ કોર્ટમા ઉપસ્થિત થયેલ ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૭૩ મુજબના ચાર્જશીટ પેપર્સની નકલો વિના મૂલ્યે મળી ગયાની ખાતરી કર્યા બાદ, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૪૦ પ્રમાણે આરોપીઓ ઉપર આંક-૪થી ઉપરોકત ગુન્હાઓનું તહોમતનામું કોર્ટ દ્વારા ફરમાવી, સદરહું તહોમતનામું આરોપીઓને વાંચી-સંભળાવી, આરોપીઓની સદરહું તહોમતનામા અંગે આંક-૫થી નીવેદન નોધવામાં આવેલ અને જે નિવેદનમાં આરોપીઓઓને ગુના અંગે પુછતા તેઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો કેસ પુરાવા ઉપર આવેલ છે.

**(૩)** ફરીયાદપક્ષે ઉપરોકત મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરેલ છે.જેથી ઉપરોકત રજૂ થયેલ ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને રાખી ફોજદારી કાર્યરીતિ સંહીતા ૧૯૭૩ની કલમ-૩૧૩ અન્વયે આરોપીઓનો વિશેષ

જવાબ નોંધવામાં આવેલ છે. જે તેમના પ્રાથમીક જવાબ સાથે કામમાં સામેલ છે.

(૪) આરોપીઓનું વિશેષ નીવેદનો નોંધતા,ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો તેમની હાજરીમાં અને સાંભળતા લેવાયો હોવાનું કબૂલ રાખેલ છે. ફરીયાદપક્ષના મૌખિક અને દસ્તાવેજી પુરાવાને નકારેલ છે. તેમને સોગંદપર મૌખિક પુરાવો આપવો નથી અને બચાવનાસાક્ષી તપાસવા નથી તથા વિશેષમાં જણાવેલ છે કે,અમો નિર્દોષ છીએ.

(૫) ત્યારબાદ આ કામે પક્ષકારોની દલીલો સાંભળી. એ.પી.પી.શ્રી એ.પી.માલવણીયાએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, તા.૫/૮/૧૫ના રોજ ચંદુભાઈ ધનાભાઈની પાછળની શેરીમાં સવારના ૮:૩૦ વાગ્યે ફરીયાદી ઘરની બહાર નીકળતા ઈશારો કરી ઠસડવા લાગેલ. ફરીયાદી રાત્રે ૧૦:૦૦ વાગ્યે ફરીયાદ નોંધાવેલ અને મોડી ફરીયાદ માટે હળવદ અને ત્યારબાદ સુરેન્દ્રનગરમાં સારવાર લીધેલ હોય ત્યાં ગયેલ હોય અને ત્યાંથી આસ્થા હોસ્પીટલ સુરેન્દ્રનગરમાં ગયેલા તે કારણ છે. આ કામે ઈ.પી.કો. કલમ–૩૨૩, ૩૫૪, ૫૦૬(૨) જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબનો ગુન્હો દાખલ થઈ આંક–૨૯થી સ્થાનિક જગ્યાના પંચને તપાસવામાં આવેલ છે. આંક–૩૨ તથા ૩૪થી અટક પંચને તપાસવામાં આવેલ છે. તથા આંક–૩૩થી અટક પંચનામું રજુ કરેલ છે. આંક–૯થી ફરીયાદીની જુબાની લેવામાં આવેલ છે અને તેમાં એ હકીકત જણાવેલ છે કે આરોપીએ ઠસડવાથી લોહી નીકળેલું. આ કામે આંક–૨૪થી ભાવનાબેન નજરે જોનાર સાહેદ છે તેઓને તપાસવામાં આવેલ છે. આંક–૨૭થી સાહેદ ચંપાબેનને તપાસવામાં આવેલ છે તથા આંક–૩૭થી મેડીકલ ઓફીસર હળવદને તપાસવામાં આવેલ છે અને તેમાં સારવારમાં હીસ્ટ્રીમાં વિગતો દર્શાવેલ છે. આંક–૪૪થી ડૉ.જીનેશને તપાસવામાં આવેલ છે. આમ,

ફરીયાદપક્ષે પોતાના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી આરોપી સામેનો કેસ પુરવાર કરેલ હોય જેથી આરોપીને સખતમાં સખત કાયદામુજબ નશીયત થવા અરજ કરતી દલીલ કરેલ છે.

બચાવપક્ષે વિ.વ.શ્રી બી.ડી.ગણેશીયાએ પોતાની મૌખિક દલીલમાં જણાવેલ છે કે આંક–૩થી જે ચાર્જ ફ્રેમ કરવામાં આવેલ છે તે કલમો અલગ છે અને આ કામે ૫૦૪ના તત્વો કલમ મુજબ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આંક–૯થી ફરીયાદીની જુબાની નોંધેલ છે જેમાં ફરીયાદમાં ઘરની બહાર નિકળતા જયારે સરતપાસમાં ઘરના પાછળના ભાગે કચરો વાડતા હતા તેથી ભરતભાઈએ ઈસારો કરી બોલાવેલ તેવો ખોટો આક્ષેપ કરી ફરીયાદ દાખલ કરેલ છે. ફરીયાદ તેમજ ફરીયાદીની જુબાનીમાં સ્થળ અંગે વિરોધોભાષ આવતો હોય તેમના આક્ષેપો ખોટા સાબિત થયા છે. ફરીયાદમાં ખભા પર સળીયાથી મારેલાનું કહે છે જયારે ફરીયાદી સોગં ઘઉપર બન્ને બહેનોને હાથેથી મારવા લાગેલ તેવું કહે છે. દવાખાનામાં હીસ્ટ્રી લખાવેલ તેમાં સારવાર આપેલ તેમ કહી વધુ સારવાર માટે સુરેન્દ્રનગર લઈ ગયેલ. પાટ્ટો બાંધેલ અને હળવદ પો.સ્ટે.માં ફરીયાદ કરવા આવે છે વિરોધાભાષી નિવેદન હોય તેવા નિવેદનને માનવાને કોઈ કારણ નથી. ફરીયાદીના ઘરની દિવાલ અને આરોપીના ઘરની દિવાલ એક જ છે. પડખે–પડખે રહેતા હોય ઘણા લાંબા સમયથી ઓળખે છે. ફરીયાદી સરતપાસમાં અલગ–અલગ નિવેદન હોય ફરીયાદમાં લખેલ હકીકતોથી અલગ થતી હોય જેથી તેને માની શકાય નહી. આક–૧૮થી વાસુદેવ ચંદુભાઈને તપાસવામાં આવેલ છે. જે ફરીયાદીના ભાઈ છે અને બનાવ વખતે વાડીએ હતા અને પોલીસ રુબરુના નિવેદનમાં અને સરતપાસમાં અલગ–અલગ નિવેદન આવે છે. ઉલટતપાસમાં સાહેદોએ પોલીસને કોઈ નિવેદન લખાવેલ નથી તેવું સ્વીકારે છે. આંક–૨૨થી નારણભાઈ ધનજીભાઈ પોલીસ નિવેદનથી અલગ હકીકત સરતપાસમાં જણાવે છે અને તેઓ ઘરે હાજર હતા અને ૧૬/૮/૧૫ના નિવેદનમાં

તા.૧૫/૮/૧૫ના રોજ સવારના ખેતરેથી આવતો હતો તેવું લખાવેલ છે જયારે સરતપાસમાં ઘરે હાજર હતો તેવું લખાવેલ છે. સરતપાસમાં મારા કાકાના છોકરા તથા ઘરના બીજા લોકોએ છોડાવેલા તેવી વિગતો નિવેદનમાં લખેલ નથી. આંક-૨૩થી મુળીબેન ચંદુભાઈને તપાસવેલ છે. તેમના સરતપાસ તથા પોલીસ નિવેદનો વિરોધાભાષી છે. આં ક-૨૪થી ભાવનાબેન ચંદુભાઈ બનાવ વખતે દેકારો થતા બહાર નિકળેલ તેવું પોલીસ રુબરુના નિવેદનમાં લખાવે છે જયારે સરતપાસમાં ઘરની પાછળ કચરો વાળતી હતી જે સરતપાસમાં મારી બહેન બુમો પાડતી હતી જે સરતપાસમાં બહેન બુમો પાડતી હતી અને ઘરની બહાર કચરો વાળતી હતી અને હુ બહાર નીકળેલી તે વિરોધાભાષી હકીકતો પોલીસ નિવેદનથી લખાવેલ છે. આંક-૨૫થી ભાવનાબેન વાસુદેવ પોતાની સરતપાસમાં અલગ કહે છે જયારે પોલીસ નિવેદનમાં બીજા અને બનાવની વિગત અલગ અલગ આવે છે. આંક-૨૬થી ચંદુભાઈ ધનાભાઈ ફરીયાદીના પિતા છે અને બનાવ ૯:૦૦ વાગ્યે બનેલ તેમ કહે છે અને સરતપાસમાં વાડીએ હતા ત્યાંથી નિકળતા લોકોએ બનાવની જાણ કરેલી તેવી હકીકત જણાવે છે જે નિવેદનમાં ફોન આવતા બનાવની જાણ થયેલી તેવી વિરોધાભાષી હોય માની શકાય નહી. આંક-૨૭થી ચંપાબેન નારણભાઈ ઉલટતપાસમાં સાચી હકીકતો જણાવે છે. ફરીયાદીની ઉમરના ભરતભાઈને દિકરા દીકરી છે અને ઝગડાનું મુળ કારણ સર સાહેદની જુબાનીમાં પાણી ઢોળવા બાબતે તકરાર થયેલી. જશુબેન અને ભરતભાઈના પત્નિનો ઝગડો થયેલો અને સરદ સાહેદના જણાવ્યા મુજબ ભરતભાઈ છુટા પાડતા હતા અને હાથ પકડેલો. જેથી ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનેલ નથી. આંક-૨૮થી સાહેદ પ્રભાતભાઈ હરજીભાઈને તપાસવામાં આવેલ છે. આંક-૨૯થી સુરેશભાઈ અંબારામભાઈને તપાસવામાં આવેલ છે આંક-૩૦થી બનાવવાળી જગ્યામાં પંચનામાની વિગતો ફરીયાદીએ લખાવેલી અને બીજા પંચ પ્રભુભાઈ હાજર હતા તેવી હકીકતો જણાવી છે. આંક-૩૨થી આરોપીનું

અટક પંચનામું, આંક–૩૩થી અટક પંચનામું હોસ્ટાઈલ કરેલ છે. આંક–૩૭થી મેડીકલ ઓફીસર છે અને તેઓ આંક–૩૮થી મેડીકલ સટીફીકેટ રજુ રાખે છે અને હીસ્ટ્રીમાં બનાવ ૯:૩૦ વાગ્યે બન્યાનું કહે છે અને મયુરનગર ગામ અને શાળાની નજીક બનાવ બનેલાનું કહે છે. આંક–૪૪ના મેડીકલ ઓફીસ સુરેન્દ્રનગરના ડૉ.જીનેશભાઈને તપાસવામાં આવેલ છે અને આંક–૪૫ થી ૪૭ના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે. આંક–૪૮ થી ત.ક.અ.નો પુરાવો નોંધવામાં આવેલ છે જેમાં તમામ સાહેદોના એકસરખા નિવેદનો લીધેલ છે અને સરખી હીસ્ટ્રી જાતે લખી છે તે દેખાય છે. બનાવની આજુબાજુમાં રહેતા ત્રાહિત સાહેદોના નિવેદનો ત.ક.અ. લીધેલ નથી. માત્ર સંગા–સબંધીઓના નિવેદનો લીધા છે. ૧૫ થી ૧૮ કલાક મોડી ફરીયાદ આપેલ છે. આંક–૫૧થી જાહેરનામાના સાહેદને તપાસવામાં આવેલ છે. આંક–૫૨થી જાહેરનામું જે દિવસનું છે તે દિવસે સાહેદ નોકરી પર નથી જેથી જાહેરનામા અંગે કોઈ જાત માહીતી નથી. આંક–૬૫ના સાહેદ ગનીભાઈ મોડી ફરીયાદ આપવાનું કારણ બનાવ અંગે જાણકાર પાસે લેખિત ફરીયાદ તૈયાર કરાવી પછી ફરીયાદ આપેલ છે. બનાવ ભરતભાઈના પત્નિ અને જશુબેન વચ્ચે પાણી ઢોળવા અંગે ઝગડો થયેલો તેનો ખાર રાખી ફરીયાદી ભણેલ ગણેલ હોય આખી ફરીયાદ તૈયાર કરાવી, આ ફરીયાદ ભરતભાઈ વિરુધ્ધ દાખલ કરાવેલ છે. ખરેખર ભરતભાઈના પત્નિ અને ફરીયાદી જશુબેન વચ્ચે મારામારીનો બનાવ બનેલ પણ ફરીયાદીએ ભરતભાઈ વિરુધ્ધ ખોટી ફરીયાદ આપેલ છે. ફરીયાદીના સગા કાકી ચંપાબેન બનાવ વખતે હાજર હતા અને તે બનાવ વખતે બનેલ સાચી હકીકત કોર્ટ સમક્ષ જણાવેલ. આ કામના આરોપી ગુન્હાહીત ઈતિહાસ ધરાવતા નથી અને બનાવ પહેલા કોઈ છેડતીનો બનાવ બનેલ નથી. ભરતભાઈ ફકત ઝગડામાં છુટા પાડવા માટે હાથ પકડેલ તેનું ખોટું અર્થઘટન કરી આરોપી વિરુધ્ધ આખી ફરીયાદ ઉપજાવી કાઢેલ તે બાબતને ધ્યાને લઈ આખો કેસ શંકાના ડાયરામાં હોય શંકાનો લાભ આપવા નમ્ર અરજ કરેલ છે.

(૬) ઉપરોકત તમામ સંજોગોમાં કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

(૧) શું ફરીયાદપક્ષ ની:શંક રીતે સાબિત કરે છે કે, તા.૧૫/૦૮/૨૦૧૫ના સવારના ૮:૩૦ વાગ્યે આ કામના ફરીયાદીનું આરોપીએ બાવડું પકડી છેડતી કરી ફરીયાદીને છોડાવા સાહેદ વચ્ચે પડતા ફરીયાદી તથા સાહેદને ગાળો આપી ફરીયાદી તથા સાહેદના કપડા ફાડી નાખી, ફરીયાદી તથા સાહેદને લોખંડના સળીયા વતી હાથમાં મારી, ઈજા કરી, મારી નાખવાની ધમકી આપી, મ્હે. જીલ્લા મેજી.સાહેબ જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,
(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**<u>–:: કારણો ::–</u>**

***<u>મુદ્દા નંબર–૧ તથા ૨ અંગે :–</u>***

(૯.૧) આરોપીઓ સામે હાલનો કેસ ફોજદારી પ્રકારનો છે અને ફોજદારી ન્યાય શાસ્ત્રના સિધ્ધાંત અનુસાર આરોપીઓ સામેનો કેસ ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તથા હાલના ગુનામાં આરોપીઓ વિરુધ્ધની હકીકત નિ:શંકપણે સાબિત કરવા અંગેનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ પર રહેલો છે. ફરીયાદપક્ષે રજૂ થયેલ મૌખિક

તથા દસ્તાવેજી આધારોનું પુરાવાની દ્રષ્ટ્રિએ નીચે મુજબનું મુલ્યાંકન કરવામાં આવેલ છે.

(૯.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૯થી ફરીયાદી જશુબેન ચંદુભાઈ દલવાડીનાઓએ સોગંદઉપરની જુબાનીમાં જણાવેલ છે કે,તા.૧૫/૮/૧૫ના રોજ સવારે સાડા આઠ વાગે હું મારા ઘરના પાછળના ભાગે કચરો વાળતી હતી. તે મસયે મારા ભાઈ ભાભી અને મમ્મી પપા વાડીએ ગયેલા. હું અને મારી બેન ભાવના ઘરે હતા. તે મસયે વાળા ભરતભાઈ આહીરે ઈશારો કરી મને બોલાવેલી પણ હું ગયેલ નહી. પછી તેણે મારુ બાવડુ પકડીને મને ખેચેલ અને મારા કપડા ખેચેલા. મે પહેરેલ ગ્રાઉન ફાટી ગયેલ. મે રાડો પાડતા મારી નાની બહેન આવી ગયેલ. તો ભરતભાઈ તેના હાથમાંનો લોખંડનો સળીયા વડે અમને બંને બહેનોને મારવા લાગેલ. મારી બહેનને જમણા હાથના કાંડાના ભાગે ફ્રેકચર કરી દીધેલ. મને હાથે અને ખંભા ઉપર સળીયા વડે મારેલ. જેથી અમે બુમાબુમ કરતા મારા નારાયણ કાકા,પ્રભાતકાકા, અને મારા કાકી ચંપાબેન નારાયણભાઈ આવી ગયેલ. જેથી ભરતભાઈ ત્યાંથી ભાગી જઈ ઘરમાં ઘુસી ગયેલ અને કહતો ગયેલ કે મારા વિરૂઘ્ધ ફરીયાદ કરી છે તો જાનથી મારી નાંખીશ. પછી મારા ભાઈએ ૧૦૮ બોલાવતા મને અને મારી બેનને હળવદ સરકારી દવાખાને લઈ ગયેલ, જયાં મારી સાથે મારા મમ્મી પપા આવેલ. હળવદ દવાખાને થી અમને સુ.નગર ગાંધી હોસ્પીટલમાં લઈ જવાનું કહેલ પણ તે દીવસે રજા હોય અમે આસ્થા હોસ્પીટલમાં સારવાર લીધેલી. મને કુણીએ અને ખંભે વાગેલ. ડોકટરે અમાર ફોટા પાડી મને સાદો ગરમ પાટો બાંધેલો. નાની બહેનને પાકો પાટો બાંધેલો. બનાવ અંગે મે હળવદ પોલીસ સ્ટેશને ફરીયાદ આપેલી. ફરીયાદ લખાવ્યા બાદ મે તેમાં સહી કરેલી. મને એક અસલ એફ.આઈ.આર બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૧૦ આપવામાં આવે છે. આરોપી આજરોજ કોર્ટમાં હાજર છે તેજ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે અમે મયુરનગર ગામે રહીએ છીએ. હું ધોરણ-૮ સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે ભરતભાઈ અને અમારુ ઘર સામસામે આવેલ છે. એ વાત ખરી છે કે હાલના બનાવ પહેલાથી ભરતભાઈને ઓળખુ છુ. એ વાત ખરી

છે કે બનાવ પહેલા મારા ઘરના સભ્યો અને ભરતભાઈના સભ્યો એકીબીજાને ઘરે આવજા કરતા હતા. એ વાત ખરી નથી કે ભરતભાઈ અને મારા પીતા એકબીજાના ઘરે અને ફળીયામાં સાથે બેસતા હતા. એ વાત ખરી નથી કે ફરીયાદના આગળના દીવસે અમારે અને ભરતભાઈના ઘરના લોકો વચ્ચે કચરા બાબતે તકરાર થયેલી. બનાવ તા.૧૫/૦૮/૨૦૧૫ના સવારે આઠ વાગ્યે બનેલો. તે વાત ખરી છે કે મારી ફરીયાદમાં બનાવનો સમય આઠ વાગ્યાનો દર્શાવેલ છે. તે વાત ખરી છે કે અમારા ઘરની અને આરોપીના ઘરની દીવાલ એકજ નથી. તે વાત ખરી નથી કે સાવરે આઠ વાગ્યે આરોપી તેના પત્ની અને બાળકો સાથે તેના ઘરે હતા. તે વાત ખરી છે કે આરોપી પર્ણીત છે અને તેમને બાળકો પણ છે. તે વાત ખરી નથી કે આરોપીના માતાપીતા પણ તેમની સાથે રહે છે. તે વાત ખરી છે કે આરોપી મારા ઘરની પાછળ રહે છે. તે વાત ખરી છે કે આરોપી અમારા ઘર ની પાછળ રહેતા હોય એકબીજાના બારણેથી સામસામે જોઈ શકાય નહી. તે વાત ખરી નથી કે મારી ફરીયાદમાં આરોપી તેના ઘરેથી હુ મારા ઘરે હતી ત્યારે ઈસારો કરતો હોવાની હકીકત ખોટી જણાવેલ છે. તે વાત ખરી છે કે તે સમયે હું આગણામાં સાફસફાઈ કરતી હતી. હું ભણેલી છુ અને વાંચી શકુ છું. તે વાત ખરી નથી કે મારી ફરીયાદમાં હું બહાર કચરો વાળતી હતી અને આરોપીએ ઈસારો કરેલ હોવાનુ લખાવેલ નહી. મને આંક–૯ની ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તેમાં આ હકીકત લખેલી નથી. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યા તે રહેણાક વીસ્તાર છે. તે વાત ખરી છે કે આ શેરીમાં બીજા લોકો ની પણ અવરજવર હોય છે. તે વાત ખરી નથી કે સાવરનો આઠ વાગ્યાનો સમય હોય ઘરના લોકો બધા ઘરે જ હોય. તે વાત ખરી નથી કે નાની મોટી બોલચાલ થાય તો પણ લોકો ભેગા થઈ જાય. તે વાત ખરી નથી કે ઘરવપરાસનું પાણી શેરી ઉપર ઢોળાતુ હોય છે. તે વાત ખરી નથી કે ગટર સીવાય રસ્તામાં પાણી ઢોળાય તો બોલાચાલી થાય. તે વાત ખરી નથી કે બનાવના આગળના દીવસે આરોપીના પત્ની સાથે મારે અને મારીબહેનને પાણી ઢોળવા બાબતે બોલાચાલી થયેલી. તે વાત ખરી નથી કે બનાવ સમયે અમો બન્ને બહેનો સીવાય બીજુ કોઈ હાજર નહતુ. તે વાત ખરી છે કે આરોપીએ મને ઢસળવાથી અને મારવાથી મને શરીરે લોહી નીકળેલું. તે વાત ખરી છે કે લોહી નીકળે તો કપડા ઉપર પણ તેના છાટા

ઉડે. તે વાત ખરી છે કે આવા લોહીવાળા કપડા પોલીસે તપાસ સારૂ કબજે કરેલા નહી. તે વાત ખરી છે કે બનાવ સમયે મારા બાબાપુજી અને મારા ભાઈભાભી વાડીએ હતા. તે વાત મને ખબર નથી કે મે મારા પીતાને ફોન કરેલ હોવાની મારી ફરીયાદમાં લખેલ છે કે કેમ. તે વાત ખરી છે કે કોના મોબાઈલ માંથી ૧૦૮ને ફોન કરેલો તે મારી ફરીયાદ માં લખાવેલ નથી. તે વાત ખરી છે કે કેટલા વાગ્યે ૧૦૮ આવી અને કેટલા વાગ્યે દવાખાને પહોચીયા તે મારી ફરીયાદ માં લખાવેલ નહી. તે વાત ખરી નથી કે હળવદ સરકારી દવાખાને મને સારવાર બાબતે કોઈ સલાહ આપેલ નહી. મારી ફરીયાદ હળવદ સરકારી દવાખાને લીધેલી. તે વાત ખરી નથી કે હળવદ પોલીસ સ્ટેશને હું ફરીયાદ આપવા ગયેલી નથી. સાહેદ જણાવે છે કે રાત્રે સાડાદસ વાગ્યે ગયેલા. ગાંધી હોસ્પીટલમાં અમોને તપાસીને સારવાર કરીને રજા આપી દીધેલી. તે વાત ખરી નથી કે આરોપી મારા પીતાજીની ઉમરનાં છે. તે વાત ખરી નથી કે આરોપીએ કોઈ બીભત્સ ઈશારા કરેલ હોય કે ધમકી આપેલ હોય કે માર મારેલ હોય તેવું બનેલ નથી. તે વાત ખરી નથી કે તા.૧૪/૮/૨૦૧૫ના રોજ આરોપીના પત્ની સાથે અમારે પાણી ઢોળાવા બાબતે બોલાચાલી થયેલી. તે વાત ખરી નથી કે તે દીવસે આરોપીએ અમને ઠપકો આપેલો. તે વાત ખરી નથી કે આ બનાવના કારણે અમોએ હાલની ફરીયાદ આપેલી. તે વાત ખરી છે કે આરોપીએ મારૂ બાવળુ પકડયુ ત્યારે તે સળીયો લઈને જ આવેલા હતા. આ સળીયો કેવો અને કેટલો લાંબો હતો તે મારી ફરીયાદમાં મે લખાવેલું. તે વાત ખરી નથી કે સળીયાની લંબાઈ બાબતે કોઈ હકીકત મારી ફરીયાદમાં લખાવેલ નથી. તે વાત ખરી નથી કે આગળના દીવસે આરોપીની પત્ની સાથે થયેલ ઝગડા બાબતે સામાધાન નહી થતા હાલની ખોટી ફરીયાદ કરેલ છે. તે વાત ખરી નથી કે ફરીયાદની વીગત મે પોલીસને લખાવેલ હોય તેવું બનેલ નથી. તે વાત ખરી નથી કે આરોપીને કેવી રીતે હેરાન કરવો તે બાબતે સલાહસુચન લઈને હાલની ફરીયાદ મોડી આપેલી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક-૧૮થી સાહેદ વાસુદેવભાઈ ચંદુભાઈ કણઝરીયાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,તા.૧૫/૮/૨૦૧૫ના

રોજ હું સવારે સાત વાગ્યે વાડીએ ગયેલો, ત્યારે સવારે સાડાઆઠ ઉપર મારી ઉપર મારી બહેન જશીબહેનનો ફોન આવેલો કે મને સામાવાળા ભરતભાઈ કાળુભાઈએ મારેલ છે. બનાવને ત્રણવર્ષ થયા એટલે બીજુ શું કહેલ તે ખાસ યાદ નથી. જેથી અમો બધા વાડીએથી ઘરે આવ્યા. ઘરે આવીને જોયેલ તો બન્ને બહેનોને વાગેલુ હતુ. જશુબેનને બરડાના ભાગે વાગેલ હતુ અને ભાવનાબહેનને હાથના ભાગે વાગેલ હતુ જયા સોજો થઈ ગયેલો. અમે જશુ બહેનને પુછતા તેણે જણાવેલ કે સામાવાળા ભરતભાઈએ ઈશારો કરી મને બોલાવેલ પણ હું નહી જતા તેણે આવીને જશુબેનને બાવળુ પકડીને ઢસળીને લઈ જતો હતો જેથી જશુબેને બુમાબુમ કરતા ઘરમાંથી નાની બહેન ભાવના આવી ગયેલ, તો ભરતભાઈ આ બન્નેને લોખંડના સળીયા વડે મારવા લાગેલ. પછી અવાજ થતા મારા કાકા અને કારી જે બાજુમાં રહે છે તે આવી જતા આ સામાવાળો જતો રહેલો, અને તે એવુ કહેતો હતો કે મારી વીરૂધ્ધમાં પોલીસ કેસ કરશો તો મારી નાખીશ. આ બધી હકીકત મને જશુબહેને કહેલી. પછી ૧૦૮ આવી જતા તેણીને હળવદ સરકારી દવાખાને લઈ ગયેલા જયાથી પ્રાઈવેટ વાહનમાં ગાંધી હોસ્પીટલ સુરેન્દ્રનગર લઈ ગયેલા. હું દવાખાને સાથ ગયેલો નહી. ૧૦૮ કોણે બોલાવેલ તે મને ખબર નથી. આરોપીએ ઈશારો કરી મારી બહેનને બોલાવતા તે નહી જવાથી તેણે હાલનો ગુનો કરેલો. ફરીયાદ જશુબેને આપેલી. પોલીસે મારી પુછપરછ કરેલી. આરોપી કોર્ટમાં હાજર છે તે તે જ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે બનાવ બન્યો ત્યારે અમે અમારી વાડીએ હતા. તે વાત ખરી છે કે અમોએ બનાવ નજરે જોયેલો નથી. તે વાત ખરી છે કે બનાવ અંગે મે વાતોવાતથી જાણેલું. તે વાત મને યાદ નથી કે મારા પોલીસ નીવેદનમાં મારી નાની બહેનનો ફોન આવવાથી અમે ઘરે ગયેલો હોવાનુ લખાવેલ છે કે કેમ. તે વાત ખરી છે કે કયા નંબર ઉપરથી મારા મોબાઈલમાં ફોન આવેલો તે મારી ફરીયાદમાં લખાવેલુ નથી. તે વાત ખરી નથી કે અમે ઘરે આવ્યા તે પહેલા ૧૦૮મા મારી બહેનને દવાખાને લઈ ગયેલા. તે વાત ખરી છે કે કયા નંબર ઉપરથી ૧૦૮ને બોલાવેલ તે મે પોલીસ નિવેદનમાં લખાવેલ નથી. તે વાત ખરી છે કે હુ ૧૦૮માં સાથે ગયેલો નથી. તે વાત ખરી છે કે ફરીયાદ હળવદ આવ્યા પછી કયારે આપી તે હું

કહી શકુ નહી. તે વાતની મને ખબર નથી કે ભાવનાબહેનને ફ્રેકચર થયેલા હોવાનું કોઈ સારવાર હળવદ સરકારી દવાખાનેથી આપેલી કે કેમ. તે વાત ખરી છે કે મે પોલીસને કોઈ નીવેદન લખાવેલ નથી. તે વાત ખરી નથી કે આગળના દીવસે પાણી ઢોળવા બાબતે જે બનાવ બનેલો તેના કારણે મારી બહેને હાલની ખોટી ફરીયાદ આપેલ છે. તે વાત ખરી નથી કે ફરીયાદી મારા સગા બહેન હોય તેના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું. તે વાત ખરી છે કે મારા બાબાપુજી અને બન્ને બહેનો સીવાય ગાંધી હોસ્પીટલ માં અન્ય કોઈ હાજર નહતું. તે વાત ખરી છે કે નારણભાઈ અને ચંપાબહેન મારા સગ્ગા કાકા કાકી છે. પ્રભાતભાઈ કણઝારીયા કૌટુબીક સગા થાય છે. તે વાત ખરી નથી કે અમો બધા ઘર ના સભયો એ સાથે મળીને ખોટી ફરીયાદ કરેલ છે. તે વાત ખરી નથી કે બનાવ ઉપજાવી કાઢેલ હોય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદો ના નામ લખાવેલા નથી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૨૨થી સાહેદ નારણભાઈ ધનજીભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તા.૧૫/૮/૧૫ના રોજ સવારના સાડા આઠના અરશામા બનેલો. તે સમયે હુ મારા ઘરે હતો. બુમાબુમ થતા હુ ઘરની બહાર નીકળેલો. હુ બહાર નીકળી જોયુ તો બાજુવાળા ભરતભાઈ મારી છોકરી જશુબેનને મારકુટ કરતો હતો. બધા માણસો ભેગા થઈ ગયેલા. મારા કાકાના છોકરા તથા ગામના બીજા લોકોએ છોડાવેલો. ભરતભાઈ સળીયા વડે મારતા હતા. જશુબેનને હાથ ઉપર વાગેલુ ભાવુબેન વચ્ચે છોડાવા પડેલ તેને વાગેલ નહી. બધા ભેગા થઈ જતા આરોપી ભાગી ગયેલ અને જતા જતા ધમકી આપતો હતો કે કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ. અમોએ જશુબેનને પુછતા તેમને કહ્યુ કે ઘરની બહાર કચરો વાળતી હતી ત્યારે આરોપીએ તેને ઈશારો કરેલ પણ મારી છોકરી નહી જતા ભરતભાઈએ તેને બાવડુ પકડી ઢસડી લઈ જતો હતો. તેનો ઈરાદો જશુબેનની ઈજ્જત લેવાનો હતો. ૧૦૮મા જશુ બેનને સરકારી દવાખાને લાવેલા. જયાથી વધુ સારવાર માટે સુરેન્દનગર ગાંધી હોસ્પીટલ લઈ ગયેલા જયા ડોકટર હાજર ન હોય તેને પ્રાઈવેટ દવાખાનામા લઈ ગયેલા. જયા તેને ફ્રેકચર હોવાનુ જણાવ્યુ અને પાટો

બાંધેલો. આરોપી કોર્ટમા હાજર છે તે જ છે. પોલીસે મારી પુછપરછ કરેલી.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે બનાવ સમયે હુ ત્યા હાજર ન હતો. તે વાત ખરી છે કે બનાવ બની ગયા પછી હુ ત્યા ગયેલો. મે તેને છોડાવાનો પ્રયત્ન કરેલો. તે વાત ખરી નથી કે મે મારા પોલીસ નીવેદનમા ઘરે હોવાનુ લખાવેલ નથી. તે વાત ખરી નથી કે પોલીસે મારુ કોઈ નીવેદન નોધેલ નથી. તે વાત ખરી નથી કે બનાવ બનેલ તે સમયે હુ હાજર ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૨૩થી સાહેદ મુળીબેન ચંદુભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ ૧૫/૮/૦૦ની સાલમા બનેલો. તે સમયે હુ, મારા પતી, દીકરો, દીકરાના વહુ સવારના અમારી વાડીએ ગયેલા. તે સમયે મારી બે દીકરી ભાવના અને જશુબેન હતી. તે સમયે મારા છોકરા પર ફોન આવેલો કે ભરત કરમણએ બંને છોકરીને મારેલ છે કે ઘરે આવો. અમો અમારે ઘરે આવીને જોયુ તો ઘણા બધા લોકો ભેગા થઈ ગયેલા અને અમારી છોકરીઓ રડતી હતી. અમોએ છોકરીઓને પુછતા જશુબેને જણાવ્યુ કે સામે રહેતા ભરતે ઈશારો કરી તેને બોલાવેલ પણ મારી છોકરી નઈ જતા આરોપી તેનો હાથ પકડી તેને ઢસડીને લઈ જતો હતો. આરોપી મારી છોકરીની ઈજ્જત લેવાના ઈરાદે ઢસડીને લઈ જતો હતો. જશુબેને બુમાબુમ કરતા મારી દીકરી ભાવના વચ્ચે પડતા ભરતભાઈએ બંને છોકરીઓને સળીયા વડે મારેલુ. જશુબેનને બંને હાથે, અને ભાવનાબેનને કાંડા અને ખભાના ભાગે મારેલુ. મારા દીયર નારણભાઈ અને ચંપાબેન આવેલા ત્યારે આરોપી મારીને ભાગી ગયેલો. આ આરોપી જતા જતા શુ બોલતો હતો તેની મને ખબર નથી. હવે કહુ છુ કે ધમકી આપતો હતો કે કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ. કોઈએ ૧૦૮ બોલાવતા બંને બેનોને સરકારી દવાખાને હળવદ લઈ ગયેલા. જયાથી સુરેન્દનગર આસ્થા હોસ્પીટલે લઈ ગયેલા. બંને બહેનોને હાથે ફેકચર હોય પાટા બાંધેલા. આરોપી કોર્ટમા હાજર છે તે જ છે. બનાવ બનેલો ત્યારે પોલીસે મારી પુછપરછ કરેલી.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી નથી કે હાલનો બનાવ ૧૫/૮/૧૫ના રોજ બનેલો. એ વાત ખરી છે કે હાલનો બનાવ બન્યો ત્યારે હુ મારી વીડીએ હતી. તે વાત ખરી છે કે બનાવ અમે નજરે જોયેલ નથી તે વાત ખરી છે કે બનાવ અંગે મારી દીકરીના કહેવાથી જાણેલ. તે વાત ખરી નથી કે મે પોલીસને કઈ લખાવેલ નથી. તે વાત ખરી નથી કે બનાવ અંગે અમે કઈ જાણતા ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૨૪થી સાહેદ ભાવનાબેન ચંદુભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, બનાવ તા.૧૫/૮/૧૫ના રોજ બનેલો. તે સમયે હુ, મારા પતિ, મારા સાસુ સસરા સવારના સાડા છ વાગ્યાના અરસામા અમારી વાડીએ ગયેલા. મારી નણંદ જશુબેન અને ભાવનાબેન એકલા ઘરે હતા. ત્યારે આઠેક વાગ્યાના અરશામા જશુ બેને ફોન આવેલ કે તે અમારા ઘર સામે રહેતા આહીરે માર મારેલ છે તમો જલદી ઘરે આવો જેથી અમો બધા અમારા ઘરે પાછા આવેલા. અમોએ ઘરે આવીને જોયેલ કે અમારા ઘેર ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા. અમોએ જોયુ તો ભાવનાબેન અને જશુબેનેને હાથે ઈજા થયેલ હતી. અમોએ પુછતા જશુબેને જણાવેલ કે અમારા ઘરના પાછળના બારણે ગયેલ ત્યારે સામે રહેતા આહીરે તેને ઈશારો કરી ઘરે બોલાવેલ. પરતુ તે ન જતા આ આહીરે જશુબેનનુ બાવડુ પકડી ઢસડીને તેના ઘર તરફ લાજ લેવાના ઈરાદે ઢસડીને લઈ જવા લાગેલો. જશુબેને બુમાબુમ કરતા ભાવનાબેન આવી ગયેલ જેઓ વચ્ચે પડેલા. આહીરે આ બંન્ને બહેનોને લોખડના સડીયા વડે મારવા લાગેલ. જેથી જશુબેનને બંને હાથે ઈજા થયેલી અને ભાવનાબેનને જમણા કાડાના ભાગે અને ખભાના ભાગે વાગેલુ. ૧૦૮ બોલાવીને બંને બેનોને સરકારી દવાખાને હળવદ લઈ ગયેલા. જયાથી સુરેન્દનગર આસ્તા હોસ્પીટલે લઈ ગયેલા. હુ સાથે ગયેલ નહી. આરોપી કોર્ટમા હાજર છે તે જ છે. અમો ખેતી કામે ગયેલ હોય બંને બેહનોને કોણે છોડાવેલ તે ખબર નથી.પોલીસે મારુ નીવેદન નોધેલ નથી.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે બનાવ સમયે હુ મારી વાડીએ હતી તેથી બનાવ મે નજરે જોયેલ નથી. તે વાત છે કે અમારા ઘરની આસપાસ બીજા ઘણા મકાન આવેલા છે. તે વાત

ખરી છે કે ઝગડામા બુમાબુમ થતા કોઈ વ્યકતી આવેલ નહી. તે વાત ખરી છે કે પોલીસે મારી કોઈ પુછપરછ કરી નથી કે મે કોઈ પોલીસ નીવેદન લખાવેલ નથી. તે વાત ખરી નથી કે બનાવની મને કોઈ જાત માહીતી નથી. તે વાત ખરી છે કે મારા નણંદના કહેવાથી મે બનાવની હકકીકત જાણેલી. તે વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલો ન હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૨૫થી સાહેદ ભાવનાબેન વાસુદેવભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તા.૧૫/૮/૧૫ના રોજ બનેલો. હુ તથા મારાબેન જશુબેન હાજર હતા. મારા મમી, પપ્પા, ભાઈ, ભાભી વાડીએ ગયેલા. તે સમયે સવારના સાડા આઠ વાગ્યાના અરશામા મારી બેન જશુબેન અમારા ઘરના પાછળના બારણે કચરો વાળતી હતી ત્યારે અમારા ઘરની સામે રહેતા ભરતભાઈ આહીરે તેમને ઈશારો કરવા લાગેલ પરતુ મારીબેન નહી જતા આ ભરતભાઈ આહીરે મારી બેનનુ બાવડુ પકડી તેના ઘર તરફ ઢસડવા લાગેલ. જેથી મારી બેને બુમો પાડતા હુ ઘરની બહાર નીકળેલ. આ ભરત ભાઈએ મારીબેનના કપડા ફાડી નાખેલા. અમો બંન્ને બેનો ભરતભાઈથી મારી બેનને છોડાવા પ્રયત્નો કરતા હતા ત્યારે ભરતભાઈએ લોખંડના સળીયા વડે અમોને મારવા લાગેલ. જેથી મને જમણા હાથના કાડે અને ખંભાના ભાગે ઈજા થયેલી. જમણા કાડે ફેકચર થયેલુ. મારી બેન જશુબેનને આ આરોપીએ લોખંડના સળીયા વડે માર મારેલ. અમોએ બુમાબુમ કરતા મારા કાકા નારણભાઈ તથા કાકી ચંપાબેન અને કાકા પ્રભાતભાઈ આવી ગયેલા અને અમોને છોડાવેલા અને જતા જતા કહેતા જતા હતા કે મારી વીરુધ્ધમા ફરીયાદ કરી છે તો તમને બંન્ને બેનોને જાનથી મારી નાખીશ. પછી મારા મમ્મી, પપ્પા, ભાઈ, ભાભી વાડીએથી આવેલા અને અમોને દવાખાને લઈ ગયેલા. જયાથી પ્રાથમીક સારવાર આપી અમને સુરેન્દનગર ગાંધી હોસ્પીટલ લઈ ગયેલા જયા ડોકટર હાજર ન હોય આસ્તા હોસ્પીટલમાં લઈ ગયેલા. જયા ડોકટરે જશુબેનને અને મને ફેકચર થયેલુ હોવાનુ જણાવેલ. મારી બેન જશુબેને મને જણાવ્યુ કે આ ભરતે મને ઈશારો કરી બોલાવતો હતો. હુ

નહી જતા ભરતભાઈએ બાવડુ પકડીને તેના ઘરે લઈ જતો હતો. આ ભરતભાઈ મારી બેનની ઈજ્જત લેવાના ઈરાદે તેને બાવડુ પકડીને ઢસડીને લઈ જતો હતો. આરોપી કોર્ટમા હાજર છે તે જ છે. પોલીસે મારુ નીવેદન નોધેલુ.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે બનાવ સમયે હુ અને મારીબેન હાજર હતા. તે વાત ખરી નથી કે મારી અને મારી બેનને ઘરકામ બાબતે ઝગડો થતા અમોને ઈજા થયેલી. તે વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ રહેણાંકના મકાન આવેલા છે. તે વાત ખરી નથી કે આરોપી સાથે અમારે બનતુ ન હોય હાલની ખોટી ફરીયાદ આપેલ છે. તે વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા પોલીસને ખોટુ નીવેદન લખાવેલ છે.

(૯.૩) ફરીયાદપક્ષે આંક-૨૬થી સાહેદ ચંદુભાઈ ઘનાભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ તા.૧૫ કે ૧૬ તરીખે બનેલો. બનાવ ભાદરવા મહીનામા બનેલો વર્ષ યાદ નથી. બનાવ દીવસે નવ વાગ્યાના અરસામા બનેલો. તે સમયે હુ, મારી પત્ની, મારો છોકરો, અને તેની વહુ ભાવના વાડીએ ગયેલા. ઘરે મારી બે દીકરીઓ જશુબેન અને ભાવુ બેન હતા. અમો વાડીએ હતા ત્યારે તે ત્યાથી નીકળતા લોકોએ કહેલ કે તમારા ઘરે છોકરીઓને મારેલ છે જેથી અમો બધા અમારે ઘરે ગયેલા. અમો ઘરે જઈને જોયેલ કે ઘણા બધા લોકો ભેગા થયેલા અને બેય છોકરી સુઈ ગયેલી. અમોએ જોયેલુ કે જશુ બેનને હાથ ઉપર લાગેલ હતુ અને ભાવનાને પણ હાથે અને ખભે વાગેલુ. અમોએ દવાખાને છોકરીઓને પાટા પીડી કરેલ પછી બનાવ કેવી રીતે બનેલ તેની પુછપરછ કરેલ. જશુબેનને જણાવેલ કે હુ ઘરમાથી સાવણીએથી કચરો નાખવા ઘરની બહાર નીકળે તો ભરતભાઈ બાબાલાલએ મને ઈશારો કરેલ પણ મે જોયેલ નહી જેથી તેને ફરીથી ઈશારો કરેલ પણ મે નઈ જોતા તેને આવીને સીઘુ મારુ બાવડુ પકડીને ઢસડીને લઈ જવા લાગેલ જેથી તેને રાડો પાડતા મારી બીજી દીકરી ભાવના આવી ગયેલ જે વચ્ચે પડતા ભરતભાઈ સરીયા વડે બન્ને છોકરીને મારવા લાગેલ તે છોકરીઓએ આડા હાથ કરતા તેઓને વાગેલુ. બુમાબુમ થતા ગામના માણસો અને મારા નાનાભાઈ

નારણભાઈએ વધુ માર મારવાથી બચાવેલા. આરોપી એવી ધમકી આપતો હતો કે જો કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ. પછી કોઈએ ૧૦૮ને ફોન કરતા તેમા હળવદ સરકારી દવાખાને લાવેલા જયાથી હાથે ફેકચર હોવાનુ જણાવી સુરેન્દનગર ગાંધી હોસ્પીટલમા લઈ જવાનુ કહેલુ. મારી છોકરીને કયા દવાખાને લઈ ગયેલા તેની મને ખબર નથી. મારી છોકરી એકલી ઘરે હોય ખરાબ ઈરાદે આરોપીએ ઈશારો કરેલો. પણ મારી છોકરી નઈ જતા ઢસડીને ઈજા કરેલી. બનાવની ફરીયાદ મે લખાવેલી. આરોપી કોટમા હાજર છે તે જ છે. ફરીયાદ બાબતે પોલીસે મારુ નીવેદન નોધેલુ.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી નથી કે બનાવ કેટલા વર્ષ પહેલા બનેલો તે હુ કહી શકુ નહી. તે વાત ખરી છે કે બનાવ સમયે હુ વાડીએ હતો બનાવ મે નજરે જોયેલ નથી. તે વાત ખરી છે કે અમે વાડીએ હતા ત્યારે  ગામના માણસોએ બનાવની જાણ કરેલી. તે વાતની મને ખબર નથી કે હળવદ સરકારી દવાખાને પોલીસ આવેલ કે કેમ. તે વાત ખરી નથી કે બનાવની ફરીયાદ બે દીવસ બાદ બનેલો. તે વાત ખરી નથી કે બનાવ સમયે આરોપી ત્યા હાજર ન હતો. તે વાત ખરી નથી કે પોલીસે પો.સ્ટે.મા અમારી સહી લીધેલ. તે વાત ખરી નથી કે બનાવ સમયે હાજર ન  હોવા છતા ખોટી જુબાની આપુ છુ.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૨૭થી સાહેદ ચંપાબેન નારણભાઈનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવ ચાર વર્ષ પહેલા બનેલો.તારીખ મને યાદ નથી.બનાવ સવારે સાડા આઠ વાગ્યે મારા ઘર પાસે બનેલો. એ વખતે હુ નીશાળે ગઈ હતી. નીશાળે ધ્વજવંદનનો કાર્યક્રમ હતો. અમે કાર્યક્રમ પુરો થયો ત્યારે અમો ઘરે આવતા હતા ત્યારે રસ્તા જોયેલ તો કાળુભાઈના ઘર આગળ કાળુભાઈ જશુબેન ચંદુભાઈને લોખંડના સળીયાથી મારતો હતો. આ કાળુભાઈએ ભાવનાબેનને પણ મારેલી. મારી સાથે મારા પતિ નારણભાઈ હતા. કાળુભાઈ જશુબેનને ઢસળીને લઈ જતો હતો. તે જશુબેનને સાથે બદકામ કરવાના ઈરાદે ઢસેળીને લઈ જતો હતો. મે મારા પતિ અને ભાવનાબેનએ જશુબેનને છોડાવેલી. પછી કાળુભાઈ ત્યાથી જતો રહીયો અને કહેતો હતો કે કોઈને કહેશો તો જાનથી મારી

નાખીશ. પછી કોઈએ ૧૦૮ને બોલાવેલ. મારા જેઠ, જેઠાણી ૧૦૮મા સાથે ગયેલા. જશુબેન અને ભાવના બેનને હળવદ દવાખાને લાવેલા. તેમને બીજે કોઈ દવાખાને લઈ ગયેલા કે કેમ તે મને ખબર નથી. બીજા દીવસે પોલીસ મારી પુછપરછ કરવા આવેલા. આરોપી કોર્ટમા હાજર છે. એજ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે અમારુ અને ભરતભાઈનુ ઘર બાજુબાજુમા આવેલુ છુ. એ વાત ખરી છે કે ભરતભાઈને હુ હાલના બનાવ પહેલાથી ઓળખુ છુ. એ વાત ખરી છે કે અમારે ભરતભાઈ સાથે એકબીજાના ઘરે જવાના સંબંધ હતા. ભરતભાઈને બે દીકરી અને એક દીકરો છે. એ વાત ખરી છે કે અમારી છોકરી અને ભરતભાઈની છોકરીઓ એકબીજાના ઘરે જતા આવતા હતા. એ વાત ખરી છે કે ભરતભાઈની છોકરી અને મારી છોકરીની ઉમર સરખી છે. એ વાત ખરી છે કે તે દીવસે ભરતભાઈની પત્ની અને મારી દીકરી વચ્ચે પાણી ઢોળવા અંગે તકરાર થયેલો. અમે ઘરેથી નીશાળ જવા માટે આઠ વાગે નીકળેલા. હાલ મને ચાલ નથી કે અમો કેટલા જણા નીશાળે ગયેલા. હુ નીશાળેથી ઘરે આવતી હતી ત્યારે એકલી હતી. અમો નીશાળેથી ઘરે આવ્યા ત્યારે કાર્યક્રમ પુર્ણ થઈ ગયેલ હતો. એ વાત મને ખબર નથી કે ધ્વજવંદનનો કાર્યક્રમ કેટલા સમય ચાલેલો. તે વાત ખરી નથી કે હુ નીશાળેથી ઘરે આવી ત્યારે ઝગડો પુરો થઈ ગયેલો. અમોએ આ લોકોને છોડાવ્યા ત્યારે નવ વાગ્યા હશે. અમે આ લોકોને છોડાવ્યા ત્યારે હુ, મારા પતિ અને ભાવના હાજર હતા. તે વાતની મને ખબર નથી કે ભરતભાઈના પત્નિ પણ ઝગડામા હાજર હતા. તે વાત ખરી છે કે જશુબેન અને ભરતભાઈના પત્ની ઝગડો કરતા હતા. તે વાત ખરી છે કે ભરતભાઈના પત્ની અને જશુબેન ઝગડો કરતા હતા ત્યારે જશુબેન પડી ગયેલા. તે વાત ખરી છે કે જશુબેન નીચે પડી જતા ભરતભાઈના ઘરનાએ જશુબેનને ઢસળેલા. તે વાત ખરી છે કે ભરતભાઈએ જશુબેન અને તેમની પત્નીને છુટા પાડવા જશુબેનનો હાથ પકડેલો. તે વાત ખરી છે કે જશુબેનના કપડા કેવી રીતે ફાટયા તે મને ખબર નથી. તે વાત ખરી નથી કે ભરતભાઈને મે મારતા જોયેલ નથી. તે વાત ખરી છે કે મારા પોલીસ નીવેદનમા ભરતભાઈએ શરીરના કયા ભાગમા સળીયો મારેલ તે લખાવેલ નથી. પ્રભાતભાઈ બનાવ પુરો થયા બાદ આવેલા. બનાવ બન્યો ત્યારે મારા પતિ ઘરે હતા. તે વાત ખરી

છે કે દેકારો થતા મારા પતિ ઘરની બહાર આવેલા. તે વાત ખરી છે કે અમો અને પ્રભાતભાઈ આવી જતા ભરતભાઈ અને તેમના પત્ની ભાગી ગયેલા. એ વાત ખરી છે કે બધા આવી જતા ભરતભાઈ ત્યાથી ચુપચાપ જતા રહેલા. કઈ બોલેલા નહી. હુ દવાખાને ગયેલા નહી. તે વાતની મને ખબર નથી કે હળવદથી બીજા કોઈ દવાખાને ગયેલા કે કેમ. તે વાત ખરી છે કે બનાવના બીજા દીવસે હુ, મારા પતિ મારા જેઠ જેઠાણી હાજર હતા. તે વાત ખરી છે કે પોલીસને આ બધાએ લખાવેલુ મે કઈ લખાવેલ નહી. તે વાત ખરી છે કે તે દીવસે ભરતભાઈની પત્ની અને મારી છોકરી વચચે પાણી ઢોળવા બાબતે બોલાચાલી થયેલી બીજુ કઈ બનેલ નહી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૨૮થી સાહેદ પ્રભાતભાઈ હરજીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,બનાવની તારીખ મને યાદ નથી. બનાવ ત્રણેક વષ પહેલા બનેલો. શવારે આઠ વાગે હુ વાડેથી આવતો હતો ત્યારે કાળુભાઈ અને ચંદુભાઈની ઘરની બાજુમા બનાવ બનેલો. તેની બાજુમા મારો વાડો છે જેમા ઢોરાને નીણ નાખી હુ નીકળેલો. મે જોયુ તો ચંદુભાઈની દીકરીઓ ભાવના અને શોભના સાથે કાળુભાઈ લડતો હતો. કાળુભાઈએ દીકરીઓને જેમતેમ વાત કરેલી તના લીધે આ બનાવ બનેલો. કાળુભાઈના હાથમા સળીયો હતો જેના વડે બંને છોકરીઓને મારતો હતો. આ સીવાય મે બીજુ કઈ જોયેલ નહી. તેઓ એક બીજાને ગાળો બોલતા હતા. તે બીજુ શુ બોલતા હતા તે મે સાંભળેલ નહી. પછી હુ મારા ઘરે જતો રહેલો. ૧૦૮ બોલાવીને તેમના ઘરના દવાખાને લઈ ગયેલા. હળવદ સરકારી દવાખાનેથી સુરેન્દનગર સરકારી દવાખાને લઈ ગયેલા. બનાવ બનવાનુ કારણ મને ખબર નથી. પોલીસે બનાવ બાબતે મારી પુછપરછ કરેલી. આરોપીને હુ ઓળખુ છુ જેને હુ ઓળખુ છુ જે આજ રોજ કોર્ટમા હાજર છે તે જ છે.

આ સાહેદએ ફરીયાદપક્ષને સમર્થનકારી હકીકત જણાવતા ન હોય તેઓને વિ.એપીપીશ્રીની મૌખિક વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી જાહેર કરવામાં આવેલ છે. વધુમાં, ઉલટતપાસમાં જણાવેલ છે કે તે વાત ખરી છે કે ભરતભાઈ મારા ગામના હોય બનાવ પહેલાથી ઓળખુ છુ. તે વાત ખરી છે કે બનાવના દીવસે સવારમા હુ નીશાળે ધ્વજવંદનના કાર્યક્રમમા

ગયેલો. તે વાત ખરી છે કે ધ્વજવંદનનો કાર્યક્રમ આઠથી નવ વાગ્યાનો હોય છે. તે વાત ખરી છે કે કાર્યક્રમ પુરો થયા બાદ હુ મારી વાડીએ ગયેલો. તે વાત ખરી નથી કે બનાવ સમયે ભરતભાઈના પત્નિ અને જશુબેન વચ્ચે ઝગડો થયેલો. તે વાત ખરી છે કે બનાવ સમયે જશુબેનના મમ્મી પપ્પા હાજર ન હતા. તે વાત ખરી છે કે જગડામા બંનેપક્ષના સામસામે ગાળો બોલતા હતા, શુ બોલતા હતા તે મને ખબર નથી. તે વાત ખરી છે કે ઝગડો પુરો થયા પછી હુ છોડાવવામા હતો. તે વાત ખરી નથી કે મે ફકત છોડાવેલા,પણ કોને શુ મારેલુ તે મને ખબર નથી. તે વાત ખરી છે કે હુ દવાખાને સાથે ગયેલ નહી. તે વાત ખરી છે કે બીજા દીવશે પોલીસ આવી ત્યારે ચંદુભાઈ અને નારણભાઈ હાજર હતા. તે વાત ખરી છે કે બનાવ અંગેની પોલીસની જાણ આ લોકોએ કરેલી. તે વાત ખરી છે કે પોલીસે ફકત મારુ નામ ઠામ પુછેલુ. તે વાત ખરી છે કે પોલીસને મે કઈ લખાવેલ નથી.

(૯.૩) આ કામે ફરીયાદપક્ષે આંક-૨૯થી પંચસાહેદ સુરેશભાઈ અંબારામભાઈનાઓને તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૬/૮/૧૫ના ક.૮:૩૦વાગે મયુરનગરગામે ચંદુભાઈ ધનાભાઈના મકાનના પાછળના ભાગે પોલીસએ બોલાવાથી હાજર થયેલા. આ બનાવવાળી જગ્યા ફરીયાદ જશુબેન ચંદુભાઈનાઓ ઓળખી બતાવતા હોય આ જગ્યા જોતા મયુરનગર ગામે ચંદુભાઈ ધનાભાઈની પાછળની શેરીએ આવેલ છે. આ જગ્યાની પુવ-પશ્ચીમ બાજુ રોડ, ઉતર બાજુ ચંદુભાઈનુ ઘર, દક્ષીણ બાજુ ભરતભાઈ કરમણભાઈનુ મકાન આવેલુ છે. ફરીયાદી જશુબેન તેમને ઘરેથી ઘસડીને મારેલ તે જગ્યા ઓળખી બતાવતા હતા. આ જગ્યાની આસપાસ કોઈ નોધવા લાયક વસ્તુ કે ચીન્હો જોવા મળેલ નહી. મારી સાથે બીજા પંચ તરીકે પ્રભુભાઈ છગનભાઈ હતા. પંચનામુ કલાક નવ વાગે પુરુ થયેલુ. મને અસલ પંચનામુ બતાવામા આવે છે જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ. જે રજુ દાખલ આંક-૩૦ આપવામાં આવે છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે મારી ઉવ.૩૬ વર્ષ છે. હાલ ૪૦ વર્ષ છે. બનાવ સમયે ૩૬ વર્ષ નો હતો. હાલ નો ઝગડો તા.૧૫/૮/૧૫ નો રોજ થયેલો. ઝગડો થયો ત્યારે મારી વાડી એ હતો. તારીખ ૧૬ ના

રોજ હુ વાડીએ ગયેલ નહી. એ વાતની મને ખબર નથી કે પોલીસે મને કયા ગુના નંબરના કામે પંચમા રહેવા બોલાવેલ. અમોએ પંચનામા ગુના નંબર લખાવેલો પણ હાલ યાદ નથી. પંચનામુ ક.૮:૩૦ વાગે શરુ કરેલુ. ભરતભાઈના ઘરથી મારુ ઘર આશરે ત્રીસ થી ચાલીસ મીટર દુર છે. ચંદુભાઈ ધનાભાઈ મારી જ્ઞાતીના છે. તેઓ અમારા ગામના છે પરંતુ સંબંધી નથી. પંચનામુ કર્યુ ત્યારે શેરીમા કાંકરાવાળો કાચો માર્ગ હતો. પંચનામા સ્થળે જશુબેન હાજર હોવાનુ અમે લખાવેલુ. હવે કહુ શુ કે જશુબેને લખાવેલુ. બનાવની વીગત જશુબેને લખાવેલી. એ વાત ખરી છે કે બનાવની જગ્યાએ સીમેન્ટનો રસ્તો આવેલો છે તે મે લખાવેલુ નહી. એ વાત ખરી નથી કે બનાવવાળીજગ્યાએ સીમેન્ટનો રસ્તો જશુબેને લખાવેલ અમે લખાવેલ નહી. બનાવવાળીજગ્યાની ચર્તુદીશા જશુબેને લખાવેલી. પંચનામુ પુરુ થયા બાદ નવ વાગ્યા હતા. એ વાત ખરી છે કે જશુબેને પંચનામાની વીગત લખાવેલ ત્યારે પ્રભુભાઈ ત્યા હાજર હતા. એ વાત ખરી છે કે જશુબેને પંચનામુ લખાવીયા બાદ તેમણે સહી કરી બાદમા પ્રભુભાઈએ સહી કરેલી.

(૯.૩) આ કામે ફરીયાદપક્ષે આંક–૩૨થી પંચસાહેદ પ્રભાતભાઈ સુખાભાઈને તથા આંક–૩૪થી પંચસાહેદ રમેશભાઈ ભારમલભાઈનાઓને તપાસવામાં આવેલા છે. તેઓએ આંક–૩૩ના અટક પંચનામામા તેમની સહી ઓળખી બતાવેલ છે. વિ.એપીપીશ્રીની મૌખિક રજુઆતથી ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમા પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી આપવામા આવતા તેઓએ પંચનામામાં લખાયેલ હકીકતને સમર્થન કરેલ નથી. આ સાહેદે ઉલટતપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે તૈયાર પંચનામામાં પોલીસે મારી સહી લીધેલી. એ વાત ખરી છે કે પોલીસને અમે કોઈ વિગત લખાવેલી નહી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૩૭થી સાહેદ ડૉ. અશ્વિનભાઈ રમણીકભાઈ આદ્રોજાનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,હુ તા.૧૫/૮/૧૫ના રોજ સીએચસી હળવદખાતે મેડીકલ ઓફીસર તરીકે મારી ફરજ ઉપર હતો ત્યારે સવારના ૧૧:૧૦ કલાકે મારા

મારીમા ઈજા થતા ભાવનાબેન ચંદુભાઈ દલવાડી ઉવ.૨૦ રહે.મયુરનગર વાળા અને જશુબેન ચંદુભાઈ દલવાડી ઉવ.૨૧ વર્ષ રહે.મયુરનગર વાળા સારવાર માટે લાવવામા આવેલા. તેમને પુછતા તેઓએ હીસ્ટ્રી લખાવેલ કે મારામારીમા કાળુભાઈ ઉર્ફે ભરતભાઈ બાબુભાઈ આહીર દવારા લોઢાના સળીયા વડે તા.૧૫/૮/૧૫ના સવાર ના ૯:૩૦ કલાકે મયુરનગરગામે શાળા નજીક માર મારેલ. આ દદી સભાન અવસ્થામા હતુ અને મારા મારીની હીસ્ટ્રી પોતે લખાવેલ અને તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ થયેલી. ઈજા ન.૧.જમણી બાજુ કાડાના ભાગે મુઢ ઈજા જોવા મળેલ જેમા દુખાવો થતો હતો તથા સોજો હતો. આ ઈજામા નીચેના હાડકામા ફેકચરની શકયતા હતી. ઈજા ન.૨. જમણી બાજુ ખભાના ભાગે મુઢ ઈજા જોવા મળેલ અને જેમા દુખાવો હતો અને સોજો જોવા મળેલ. આ ઈજામા ઈજાના નીચેના ભાગેના હાડકાના ભાગે ફેકચર હોવાની શકયતા હતી. ઈજા ન.૩. ડાબી બાજુ ફોરઆર્મમા મુઢ ઈજા જોવા મળેલી જેમા દુખાવો સોજો તેમજ ચામડી લાલ જેવા મળેલી. આ ઈજામા નીચેના ભાગે હાડકામા ફેકચર હોવાની શકયતા હતી. આ ઈજાઓ તાજી અને સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. ઉપરોકત વ્યકતિની પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે સી.યુ.શાહ મેડીકલ હોસ્પીટલમા હાડકાના સર્જનના અભીપ્રાય માટે રીફર કરેલ. ત્યારબાદ દલવાડી જશુબેન ચંદુભાઈને પુછતા તેઓ એ હીસ્ટ્રી લખાવેલ કે મારામારીમા કાળુભાઈ ઉર્ફે ભરતભાઈ બાબુભાઈ આહીર દવારા લોઢાના સળીયા વડે તા.૧૫/૮/૧૫ના સવાર ના ૯:૩૦ કલાકે મયુરનગરગામે શાળાનજીક માર મારેલ. આ દર્દી સભાન અવસ્થામા હતુ અને મારામારીની હીસ્ટ્રી પોતે લખાવેલ અને તેમને તપાસતા નીચે મુજબની ઈજાઓ થયેલી. ઈજા ન.૧.બન્ને કોણીમા મુઢ ઈજા જોવા મળેલ જેમા સોજો, દુખાવો તેમજ છોલાયેલુ જોવા મળેલુ. જેનુ માપ એક સેમી બાય એક સેમી હતુ. તેમજ આ ઈજામા નીચેના ભાગે હાડકામા ફેકચર કે ખસી ગયાનુ જોવામા આવેલ. આ ઈજા તાજી,સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તેવી હતી. આ વ્યકતીની સારવાર કર્યા બાદ વધુ સારવાર માટે સી.યુ. શાહ મેડીકલ હોસ્પીટલમા હાડકાના સર્જનના અભીપ્રાય માટે રીફર કરેલ. હુ મારી સાથે બન્ને ઉપરોકત દદી ના સારવાર સર્ટી લાવેલ છુ જેમા મારી સહી છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક-૩૮ અને ૩૯ થી રજુ છે.

દદીઓના ઓપીડી કેસ પેપરો મારી સાથે લાવેલ છુ જે રજુ દાખલ આંક–૪૦ અને ૪૧ આપવામાં આવે છે તથા દદી નુ સારવાર સર્ટી મેળવવા માટે હળવદ પોસ્ટેથી યાદી કરવામા આવેલ તે અસલ રજુ કરુ છુ જે રજુ દાખલ આંક–૪૨ આપવામાં આવે છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે દર્દી સાથે તેમની સાથે તેમના સગાવાલા આવેલા. એ વાત ખરી નથી કે બનાવની હકીકત તેમની સાથે આવેલા સગાવાલાઓએ લખાવેલ. એ વાત ખરી છે કે દદી પોલીસ યાદી વગર સારવાર માટે આવેલ. એ વાત ખરી નથી કે ઈજા પામનારે બનાવનો સમય હીસ્ટ્રીમા લખાવેલ નહી. એ વાત ખરી છે કે કોઈ પણ વ્યકતી ને નીચે પડી જવાથી કે અકસ્માત થવાથી આ પ્રકારની ઈજાઓ થઈ શકે.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૪૪થી સાહેદ ડાૅ. જીનેશભાઈ સુમનલાલનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,ગઈ તા.૧૫/૮/૧૫ના રોજ ભાવનાબેન ચંદુભાઈ કણઝરીયા તથા જશુબેન કણઝરીયાનાઓને હળવદ સીએચસી તા.૧૫/૮/૧૫ની રીફર નોટ સાથે તેમના પિતા ચંદુભાઈ ધનજીભાઈ રહે.મયુરનગર વાળા લઈને આવેલા અને બનાવની હીસ્ટ્રી લખાવેલ કે સવારે સાડા નવ વાગે પડોશી કાળુભાઈએ લોખડનો સળીયા વડે હુમલો કરેલ અને ભાવનાબેન તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. ઈજા ન.૧.જમણા કાંડામા મુઢમાર વાગેલો હતો. ઈજા ન.ર.ડાબા હાથ ઉપર મુઢમારની ઈજા ઘસરકાવાળી જણાયેલ. ઈજાન.૩. જમણા ખભા ની પાછળની તરફ ૩ ઈચનુ છોલાયેલુ હતુ. આ દર્દીને બહારના દર્દી તરીકે સારવાર કરી રજા આપવામા આવેલ અને આ ઈજા ઓ સામાન્ય ઈજાઓ જણાયેલ અને આ ઈજાઓ સાત થી દસ દીવસમા સારી થઈ શકે તેવી હતી અને આ ઈજાઓ લોખડના સળીયા વડે થઈ શકે તેવી હતી. જશુબેનને તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાયેલ. ઈજા ન.૧.જમણી કોણીના ભાગે એક ઈચની લંબાઈનો છોલાયેલો નીશાન હતુ. ઈજા ન.ર.ડાબી કોણીના ભાગે એક ઈચની લંબાઈનો છોલાયેલ નીશાન હતુ. આ દર્દીને બહારના દર્દી તરીકે સારવાર કરી રજા આપવામા આવેલ અને આ ઈજાઓ સામાન્ય ઈજાઓ જણાયેલ

અને આ ઈજાઓ સાત થી દસ દીવસમા સારી થઈ શકે તેવી હતી અને આ ઈજાઓ લોખડના સળીયા વડે થઈ શકે તેવી હતી. હુ મારી સાથે આ દર્દીને સારવાર પ્રમાણપત્ર લાવેલ છુ જેમા મારા હસ્તાક્ષર છે જે ઓળખી બતાવુ છુ જે રજુ દાખલ આંક–૪૫ અને ૪૬ આપવામાં આવે છે. આ દર્દીને હળવદ સીએચસીની રીફર નોટ સાથે મારી સમક્ષ સારવાર માટે લાવેલ જે અસલ રીફર નોટ લાવેલ છુ જે રજુ દાખલ આંક–૪૭ આપવામાં આવે છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે જશુબેન અને ભાવનાબેન સાથે તેમની સાથે તેમના સગાવાલા પણ આવેલા. એ વાત ખરી છે કે આ બને દદી હળવદ ખાતે પ્રાથમીક સારવાર લઈ મારી સમક્ષ આવેલા. એ વાત ખરી નથી કે આ દર્દીએ ઈજાની કોઈ હીસ્ટ્રી લખાવેલ નહી. એ વાત ખરી છે કે ચંદુભાઈ દલવાડી એ અમને હીસ્ટ્રી લખાવેલી. સાહેદ જણાવે છે કે દર્દીએ અને તેમના સાગા ઓ એ ભેગા મળી ને હીસ્ટી લખાવેલી. એ વાત ખરી છે કે આ ઈજા ઓ સામાન્ય પ્રકાર ની અને અઠવાડીયા મા સારી થઈ શકે તેવી હતી. એ વાત ખરી છે કે વ્યકતી ઉચાઈ થી પડવાથી કે વાહન અકસ્માતથી આ પ્રકારની ઈજા થઈ શકે છે. એ વાત ખરી છે કે આ દર્દીને અસ્થિ ભંગ થયેલ હોય તેવી ઈજા ન હતી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૪૮થી ત.ક.અ. હર્ષદરાય વ્રજલાલનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,ગઈ તા.૧૫/૮/૧૫ના રોજ હુ પોલીસસ્ટેશન હાજર હતો તે દરમ્યાન પીએસઓ જી.એસ.કુરેશીનાઓએ તેઓના રુબરુના જશુબેન ડો/ઓ ચંદુભાઈ દલવાડીની ફરીયાદ લઈ હળવદ પોસ્ટે ગુના ન.૧૦૩/૧૫ આઈપીસી ક.૩૨૩,વીગીરે મુજબની ગુનાની તપાસ અમોને સોપતા તપાસ સંભાળી લઈ આ કામે બનાવવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ કરી લાગતા વળગતા સાહેદોના નીવેદનો લઈ ભોગબનનાર સીઆરપીસી ક.૧૬૪ મુજબનુ નીવેદન લેવડાવી મેડીકલ સર્ટી મેળવી આરોપી વીરુધ્ધ પુરતો પુરાવો હોય મળી આવતા આરોપીને તા.૧૭/૮/૧૫ ક.૧૧:૧૫ વાગે અટક કરેલ અને આરોપી વીરુધધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટ મા ચાર્જસીટ કરેલ. આરોપી પાસેથી બનાવમા ઉપયોગ કરેલ

હથીયાર લોખડનો સળીયો કબજે કરવામા આવેલ. આરોપી કોર્ટમા હાજર છે તે જ છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે ગુનાની તપાસ કરતા પહેલા મે એફ આઈ આર વાચેલી. એ વાત ખરી છે કે બનાવ બન્યા બાદ ફરીયાદીએ પંદરથી અઢાર કલાક મોડી ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ ગુનાની તપાસની કામે ફરીયાદીના સગા સીવાય અન્ય કોઈ સાહેદોના નીવેદનો નોધેલ નથી. એ વાત ખરી છે કે અમો એ ભોગબનનારનુ દાકતરી પરીક્ષણ કરાવેલ નહી. એ વાત ખરી નથી કે પંચોને સાથે રાખી બનાવવાળીજગ્યાનુ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ભોગબનનારનુ ૧૬૪નુ નીવેદન લેવાની કોઈ કાર્યવાહી કરેલ નહી. એ વાત ખરી નથી કે અમોએ પોસ્ટે બેસીને ફરીયાદ ને અનુરુપ સાહેદોના નીવેદનો નોધી લીધેલ. એ વાત ખરી નતી કે અમે જાતે લોખડના સળીયા જાતે મંગાવી પંચનામુ કરેલ. એ વાત ખરી છે કે આ તપાસ કરતા પહેલા નામદાર કોર્ટ પાસેથી કોઈ મજુરી લીધેલ નહી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૫૧થી સાહેદ પ્રદીપસિંહ હર્ષદસિંહનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે,હુ અત્યારે જી.મેજી.કચેરી મોરબીખાતે એમ.એ.જી.શાખામા કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ. હુ આજે જી.મેજી સાહેબશ્રી મોરબીના સહી સીકકાવાળુ તા.૨૪/૭/૧૫ ના રોજનુ મોરબી જી.ના વીસ્તારમા તા.૧/૮/૧૫ થી ૩૧/૮/૧૫ સુધીનુ હથીયારબંધી અંગેનું જાહેરનામુ પ્રસીધ્ધ કરવામા આવેલ જે આજ રોજ લાવેલ છુ જેમા અધી.જી.મેજી શ્રી આર.એમ ડામોર સાહેબની સહી તથા અમોની કચેરીનો સીકકો છે. જે જાહેરનામુ રજુ દાખલ આંક–૫ર આપવામાં આવે છે.

ઉલટતપાસમાં જણાવેલ છે કે,તે વાત ખરી છે કે જે દિવસનુ જાહેરનામુ છે તે દીવસે હુ નોકરી ઉપર હતા નહી. અમોને કોઈ જાત માહીતી નથી.

(૯.૩) ફરીયાદપક્ષે આંક–૬૫થી સાહેદ ગનીભાઈ સચદુભાઈ કુરેશીનાઓને તપાસવામાં આવેલ છે તેઓએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં એવી હકીકત જણાવેલ છે કે, કોઈ તા.૧૫/૮/૧૫ના રોજ અમો હળવદ પો.સ્ટેમા પી.એસ.ઓ તરીકે ફરજ બજાવતા હતા જે દરમ્યાન ફરીયાદી જસુબેન ચંદુભાઈ દલવાડી રહે. હળવદવાળાએ અમોની રુબરુ આવી ફરીયાદની હકીકત જાહેર કરેલ કે આરોપી ભરતભાઈ બાબુભાઈ આહીરે ફરીયાદીની બાવડુ પકડી ફરીયાદીના કપડા ફાડી નાખી લોખડના સળીયા વડે ફેકચર જેવી ઈજાઓ કરી તથા સાહેદને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવાની ફરીયાદ જાહેર કરતા તેઓની ફરીયાદના આધારે ફરીયાદ લઈ ઈ.પી.કો કલમ ૩૨૩, ૩૨૫ વી. મુજબની ફરીયાદના આધારે અમોએ હળવદ પો.સ્ટે ફર્સ્ટ. ગુ.ર.નં. ૦૧૦૩/૧૫ તા.૧૫/૮/૧૫ આરોપી ભરતભાઈ બાબુભાઈ સામે ગુનો દાખલ કરી આગળની તપાસ એ.એસ.આઈ એચ.વી વાઘેલાને સોપેલી મને પ્રથમ માહતી અહેવાલવાળી આંક-૧૦ વાળી ફરીયાદ બતાવવામા આવે છે જેમા ફરીયાદીની મારા રુબરુની સહી છે તથા મારી સહી છે.જે હુ ઓળખુ છુ.

ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે વાત ખરી છે કે બનાવ સમયે અમો હળવદ પો.સ્ટેમા ફરજ બજાવતા હતા. તે વાત ખરી છે કે આ ફરીયાદી ફરીયાદ દેવા માટે આવેલ ત્યારે તેના સગાવાલા તેની સાથે હતા. તે વાત ખરી છે કે તેઓએ પહેલા લેખીત ફરીયાદ આપેલી જે લેખીત ફરીયાદના આધારે અમોએ ફરીયાદ લખી લીધેલ. તે વાત ખરી છે કે ફરીયાદી ફરીયાદ દેવા આવેલ ત્યારે દવાખાનાના કોઈ કાગળો સાથે લાવેલ નહી. તે વાત ખરી છે કે અમોએ ફરીયાદ લખી લીધા બાદ તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તે વાત ખરી છે કે ફરીયાદ લીધા સીવાય અન્ય કામગીરી કરેલ નહી.

(૧૦) ઉપરોકત તમામ પુરાવાઓ વંચાણે લઈ કેસનું મુલ્યાંકન કરવામાં આવે તો, ઉપરોકત પુરાવાની તમામ સાહેદોની હકીકત સ્વતંત્ર રીતે તથા તમામ પુરાવો સમગ્રરીતે મુલવતા આ કામે મહત્વની શંકાઓ રહેલ છે. ફરીયાદપક્ષ ધ્વારા તેમના પુરાવાના સમગ્ર તબકકા દરમ્યાન સમગ્ર શંકાઓ દુર કરવામાં આવેલ નથી. ઉપરોકત તમામ ચર્ચાઓ લક્ષમાં રાખતા આ કામનો પુરાવ શંકા રહીત, સુદૃઢ અને વિશ્વાસનીય જણાય આવતો નથી. આ કામે રેકર્ડ પર તપાસ કરવામાં આવેલા સાહેદોના મૌખિક પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે આરોપી વિરુધ્ધ આક્ષેપિત ગુનાની તાત્વીક / સાર તત્વો લગત હકીકતોનો પુરાવામાં અભાવ છે. તેનાથી ઉલટુ સાહેદો ધ્વારા ફરીયાદની હકીકતને લેશમાત્ર સમર્થન રજુ કરવામાં આવેલ નથી. જે સંજોગોમાં આ

કામના તમામ સાહેદોનો પુરાવો સ્વતંત્ર રીતે અને સમગ્ર રીતે મુલવતા શંકાથી ભરેલો છે અને આક્ષેપિત તેમની તાત્વીક / સાર તત્વો લગત હકીકતોના અભાવ વાળો છે. જેથી તેના ઉપર આધાર રાખી શકાય નહી.

**કાયદાની જોગવાઈઓનાં આધારે મુલ્યાંકન :–**

**<u>આઈ.પી.સી. કલમ ૩૨૩:–</u>**

" Whoever, except in the case provided for by section 334, voluntarily causes hurt, shall be punished with imprisonment of either description for a term which may extend to one year, or with fine which may extend to one thousand rupees, or with both."

**આ કલમના આવશ્યક તત્વો જોઈએ તો :–**

૧. આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશકિત નીપજાવ્યા.

૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપુર્વક કર્યુ હતું.

**<u>આઈ.પી.સી. કલમ ૩૫૪:–</u>**

**354. Assault or criminal force to woman with intent to outrage her modesty.**

Whoever assaults or uses criminal force to any woman, intending to outrage or knowing it to be likely that he will thereby outrage her modesty, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

CLASSIFICATION OF OFFENCE

Punishment—Imprisonment for 2 years, or fine, or both—Cognizable—Bailable—Triable by any Magistrate—Non-compoundable.

(૧૧) આ કામે આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૩ નીચે મુજબ વંચાય છે.

*''જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરુ કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરુને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતા અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ગન્હાહીત ધમકી આપી ગણાય.''*

(૧૨) સદરહુ સંહિતાની કલમ–૫૦૩ નીચે મુજબ વંચાય છે.

*''જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને તેના શરીર, આબરુ કે મિલકતને અથવા જે વ્યકિતમાં તે બીજી વ્યકિત હિત ધરાવતી હોય તેના શરીર અથવા આબરુને હાનિ પહોંચાડવાની એવા ઈરાદાથી ધમકી આપે જેથી તે વ્યકિત ભયભીત થાય અથવા એવી ધમકીનો અમલ થતા અટકાવવા માટે પોતે જે કરવા કાયદેસર બંધાયેલી ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે, તેણે તે વ્યકિતને ગન્હાહીત ધમકી આપી ગણાય.''*

(૧૩) ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૩ મુજબની વ્યાખ્યા તથા તે સંબંધે **નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રવિણભાઈ બેચરભાઈ વણકર અને બીજાઓ વિરુધ્ધ ગુજરાત રાજયના કેસમાં ૨૦૦૭(૧) જી.એલ.એચ. પાના ૩૩૭** થી પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પારા–૨૪માં એવું પણ ઠરાવવામાં આવેલ છે કે, ધમકી એ આવી ધમકી અપાયેલ વ્યકિતના મનમાં ગભરાટ ઉભો કરતી હોવી જોઈએ. કલમ–૫૦૩માં વ્યાખ્યાયીત ગુન્હા ધાક ધમકી પર આધારીત છે અને શાબ્દીક ગુન્હાઓ છે. હાલના કેસમાં ફરીયાદ પક્ષ ધ્વારા એવો કોઈ પુરાવો રેકર્ડ પર લાવવામાં આવેલ નથી કે ફરીયાદ પક્ષને ધમકીના કારણે તેના મનમાં ગભરાટ ઉભો થયો હોય અને તે કાયદેસર બંધાયેલ ન હોય તે કામ કરે અથવા જે કરવાનો પોતાને કાયદેસર હક હોય તે કામ ન કરે. હાથ પરના કેસના ફરીયાદ પક્ષના પુરાવાને સમગ્ર રીતે લક્ષમાં લેતાં, ફરીયાદીને સંકટ ચેતવણી બતાવતી દહેશત અને/અથવા બીકનો સંકેત આપતા પુરાવાની સ્પષ્ટ ગેરહાજરી છે. તે સંજોગોમાં જાનથી મારી નાખવાની ગુન્હાહીત ધાકધમકી આપ્યાના ગુન્હા માટે શંકાઓ ઉત્પન્ન થાય છે.

(૧૪) આરોપી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનાં ગુનાનું તહોમત છે જે અંગે રેકર્ડ પર ઉપલબ્ધ પુરાવાનું મુલ્યાંકન કરતા, આ કામે તમામ સાહેદોનાં મૌખિક પુરાવા તપાસવામાં આવેલ છે તેઓ તેમની સરતપાસ દરમ્યાન ફરીયાદ તથા તપાસની હકીકતને મહદઅંશે સમર્થનકારી જુબાની આપેલ છે. જયારે બચાવ પક્ષ

તર્ફે થયેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવી છે કે, તેમણે આ કામે સ્વતંત્ર સાહેદોના નિવદેનો લીધેલ નથી.

(૧૫) પુરાવાના મુલ્યાંકનના આ તબકકે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪ તથા **નામદાર સર્વોચ્ચ અદાલત ના ફીયોના શ્રીખંડે વિરુધ્ધ મહારાષ્ટ્ર રાજય ના કેસમાં (૨૦૧૩) ૧૪ એસ.સી.સી. ૪૪** થી પ્રસિધ્ધ થયેલ ચુકાદો વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સદરહુ ચુકાદાના પારા-૧૩માં એવું ઠરાવવામાં આવેલ છે કે, અપમાન ઈરાદાપૂર્વકનું હોવું જોઈએ, જે વ્યકિતનું અપમાન થયેલ હોય તેને ઉશ્કેરણી કરે તેવું અપમાન હોવું જોઈએ, અને જેનું અપમાન થયેલ છે તે જાહેરશાંતિનો ભંગ કરશે અથવા કોઈ ગુન્હો આચરશે તેની જાણકારી અથવા ઈરાદો હોવો જોઈએ. અપમાન એ હદનું હોવું જોઈએ કે તે જાહેર શાંતિનો ભંગ અથવા કોઈ ગુન્હો કરવા માટે ભોગબનનારને ઉશ્કેરે. વધુમાં જયાં સુધી આરોપી ધ્વારા વપરાયેલ અસલ શબ્દ રેકર્ડ પર આવે નહીં ત્યાં સુધી એવું ઠરાવવું શકય નથી કે ગુન્હો આચરવામાં આવ્યો છે. કલમ-૫૦૪માં લખ્યા પ્રમાણે અપમાન માત્ર ઈરાદાપૂર્વકનું જ નહીં પરંતુ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો કરવા ઉશ્કેરણી કરતું હોવું જોઈએ. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના ઉકત ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત લક્ષમાં લેવામાં આવે તો હાલના કામમાં આરોપીએ અસલ કયા શબ્દો વાપરેલા તે રેકર્ડ પર આવેલ નથી. તેમજ અપમાનીત વ્યકિતને જાહેર શાંતિનો ભંગ કરવા અથવા અન્ય ગુન્હો

કરવા ઉશ્કેરણી કરતો કોઈ બનાવ બનેલાનું રેકર્ડ પર આવેલ નથી. ફરીયાદપક્ષ સદરહુ કલમ માટે આવશ્યક તત્વો સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. તે સંજોગોમાં ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો બનેલાની હકીકત બાબતમાં શંકાઓ ઉપસ્થિત થાય છે.

(૧૬) આ કામે આરોપી વિરુધ્ધ જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આરોપ છે. જે અન્વયે પુરાવાનું મુલ્યાંકન કરતાં, આ કામે ત.ક.અ. ધ્વારા જાહેરનામું રજુ કરેલ છે. પરંતુ જાહેરનામું આ કામની ફરીયાદની તારીખ અમલમાં હતું, તેની કાયદાનુસાર / નિયમાનુસાર પ્રસિધ્ધી કરવામાં આવેલી કે કેમ, વિગેરે અદાલત રુબરુના સીધા પુરાવાનો અભાવ છે. જે સંજોગોમાં રેકર્ડ પરના તમામ સાહેદોનો મૌખિક પુરાવો સ્વતંત્ર રીતે તથા સમગ્ર રીતે મુલવતાં, ફરીયાદ પક્ષના કેસ મુજબ આ કામે ભોગબનનાર / બનાવના નજરે જોનાર સાહેદો છે, પરંતુ ઉપરની ચર્ચાની નોંધ ધ્યાને લેતાં, તેઓનો મૌખિક પુરાવામાં વિરોધાભાષ રહેલ છે અને તેઓનો મૌખિક પુરાવો સમગ્ર રીતે મુલવતાં, પુરાવો સુદૃઢ અને વિશ્વસનીય જણાય આવતો નથી. જે સંજોગોમાં સદર મૌખિક પુરાવા પર આધાર રાખી શકાય તેવો શંકાથી પર અને વિશ્વશનીય નથી. તમામ પુરાવા એકી સાથે લક્ષમાં રાખતા શંકા ઉપસ્થિત થાય છે.

(૧૭) વધુમાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ લક્ષમાં લેવામાં આવે તો તે પ્રબંધ અનુસાર કોઈપણ

કેસ સાબિત કરવા માટે કોઈ નિશ્ચિત સંખ્યામાં સાહેદો તપાસવા જરૂરી નથી. ફકત બનાવને સમર્થન કરતા એકજ સાહેદની જુબાની સુદૃઢ, શંકા રહિત અને વિશ્વસનીય હોય તો, એક માત્ર સાહેદનો પુરાવો બનાવ સાબિતી માટે પુરતો ગણી શકાય અને આવા સાહેદની વિશ્વસનીયતા કોઈપણ પ્રતિ સંજોગોથી શંકાસ્પદ હોવી જોઈએ નહી. પુરાવાની ગુણવતા મહત્વની છે નહી કે તેનો જથ્થો.

(૧૮) આ કામે રજુ થયેલ ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં, માત્ર ફરીયાદી સિવાય કોઈપણ સાહેદ ફરીયાદને સમર્થન આપતાં નથી અને ફરીયાદીએ ફરીયાદીની વિગતોથી વિરોધાભાષી પુરાવો રજુ રાખેલ છે જે આંક–૪૮ના ત.ક.અ. હર્ષદભાઈ વ્રજલાલ વાઘેલાના પુરાવાથી પુરવાર થાય છે. તેમજ કોઈપણ સ્વતંત્ર નજરે જોનાર સાહેદ બનાવ અંગેની હકીકત સ્વીકારતા નથી કે ફરીયાદીની ફરીયાદને સમર્થન આપતા નથી. આ કામે સ્થાનીક જગ્યા તથા આરોપીને અટક કર્યાના પંચનામાના પંચ સાહેદો ધ્વારા કોઈ સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. પંચનામાની વિગતો ફરીયાદી ધ્વારા લખાવવામાં આવેલ છે. પંચો ધ્વારા લખાવવામાં આવેલ હોવાનો પુરાવો રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી. જે જોતાં ફરીયાદપક્ષ પંચનામું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી ફરીયાદપક્ષ આંક:૩૦ અને ૩૩થી રજુ સ્થાનિક જગ્યાના પંચનામું તથા આરોપીના અટક પંચનામું ધ્યાને લેતાં પોલીસે તપાસનાં કામે આરોપીની અટક કરેલાનું જણાઈ આવે છે પરંતુ પંચનામાની વિગતોને સાહેદોનાં સોગંદ ઉપરનાં

પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ ન હોય રજુ પંચનામું માની શકાય નહી. ફરીયાદપક્ષ ધ્વારા સ્વતંત્ર સાહેદોને તપાસવામાં આવેલ નથી અને તપાસવામાં આવેલ હોત તો પણ જયારે મહત્વનાં સાહેદોથી ફરીયાદપક્ષને સમર્થન મળતું ના હોય તે સંજોગોમાં આ તેમનો પુરાવો ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ બની શકવાનું માની શકાય નહી. આ કામે તપાસવામાં આવેલ સાહેદોનો મૌખિક પુરાવો ધ્યાને લેવામાં આવે અને ફરીયાદની હકીકત સાથે મુલવવામાં આવે તો ઉભી થયેલી શંકાઓ વધુ દૃઢ બને છે. ફરીયાદીએ પોતાની સોગંદઉપરની જુબાનીમાં તથા ફરીયાદમાં બનાવવાળા સ્થળ અંગે હકીકતો જણાવેલી છે તે વિરોધાભાષી હકીકતો જણાવેલી છે અને બનાવનું સ્થળ પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. આ કામે ફરીયાદી પોતાની લેખિત ફરીયાદ પો.સ્ટે.માં રજુ કરેલ તે રેકર્ડ પર ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી. મોડી ફરીયાદ આપવા અંગે જે કારણ દર્શાવેલ છે તે બાબતે આંક–૨૭ના સાહેદ ચંપાબેનના પુરાવાથી ઉલટતપાસમાં સત્ય હકીકત રેકર્ડ પર રજુ થાય છે. જેમાં બનાવનું કારણ બનાવના દિવસ ` ભરતભાઈની પત્નિ અને ચંપાબેનની દીકરી વચ્ચે પાણી ઢોળવા બાબતે તકરાર થયેલી અને ઘરેથી નિશાળે જવા માટે ચંપાબેન ૮ વાગે નિકેલા અને નિશાળેથી આવતા હતા ત્યારે એકલા હતા અને કાર્યક્રમ પુર્ણ થઈ ગયેલ હતો તે સમયે જશુબેન અને ભરતભાઈના પત્નિ ઝગડો કરતા હતા ત્યારે જશુબેન પડી ગયેલા અને ભરતભાઈના ઘરનાએ જશુબેનને ઢસડેલા અને ભરતભાઈએ જશુબેન અને તેમની

પત્નિને છુટા પાડવા માટે હાથ પકડેલો અને પ્રભાતભાઈ બનાવ પુર્ણ થયા બાદ આવેલા બનાવ બન્યો ત્યારે તેમના પતિ ઘરે હાજર હતા અને દેકારો થતા તેમના પતિ ઘરની બહાર નિકળેલા તેવી હકીકત સ્વીકારે છે અને બધા આવી જતા ભરતભાઈ ત્યાંથી ચુપચાપ નિકળી ગયેલા કાંઈ બોલેલા નહી. બનાવ વિગતો પોલીસને સાહેદના પતિ તેમના જેઠ અને જેઠાણી વગેરેએ લખાવેલ તેમણે લખાવેલ નહી અને બનાવ ભરતભાઈના પત્નિ અને સાહેદની છોકરી વચ્ચે પાણી ઢોળવા બાબતે બોલાચાલી બનેલી અને બીજુ કાંઈ બનેલું નહી. ફરીયાદપક્ષ તેના પુરાવાના સંપુર્ણ તબકકા દરમ્યાન ઉભી થયેલી શંકાઓ દુર કરી શકેલ નથી. આમ, ઉપરોકત પુરાવો ઘ્યાને લેતાં ફરીયાદની વિગતોથી તદૃન વિરુઘ્ધ હકીકતો રેકર્ડ પર સદર સાહેદે સ્વીકારેલ છે અને મોડી ફરીયાદ આપી પાછળથી ઉપરોકત ફરીયાદમાં દર્શાવેલ બનાવની વિગતો લખેલ હોવાનું સદર સાહેદના પુરાવાથી પુરવાર થતું હોય ત્યારે ફરીયાદમાં દર્શાવેલ બનાવ અંગે ફરીયાદપક્ષે ઉત્પન્ન થયેલ શંકા જોતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ નિશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે. આ અદાલત ઘ્વારા નામદાર સુપ્રિમ કોર્ટ ઘ્વારા **ભરવાડ ભોગીનભાઈ હીરજીભાઈ વિ. ગુજરાત રાજયનાં એ.આઈ.આર. ૧૯૮૩ એસ.સી. ૭૫૩** માં પ્રસિઘ્ધ થયેલ ચુકાદાનાં સિઘ્ધાંતો ને ઘ્યાનમાં રાખી હાલનાં કેસનાં પુરાવાને મુલવતા પણ ફરીયાદી તથા સાહેદોના નિવેદનમાં ઉપર મુજબની હકીકતોનો વિરોધાભાષ ઉભો થતો હોવાનું તથા એકસુત્રતાનો

અભાવ હોવાનું ફલીત થાય છે. આ કામના તમામ સાહેદોના પુરાવાનું મુલ્યાંકન સ્વતંત્ર રીતે તેમજ સમગ્ર રીતે કરતાં, ફરીયાદ પક્ષના સાહેદોનો પુરાવો સુદૃઢ, એકસુત્રી અને વિશ્વસનીય જણાય આવતો નથી. પુરાવાના સમગ્ર તબકકા દરમ્યાન ઉભી થયેલી શંકાઓ ફરીયાદપક્ષ તેમના પુરાવાના સમગ્ર તબકકા દરમ્યાન દુર કરી શકેલ નથી. જે સંજોગોમાં સદરહુ પુરાવાઓથી ફલીત થતુ નથી કે, તા.૧૫/૦૮/૨૦૧૫ના સવારના ૮:૩૦ વાગ્યે આ કામના ફરીયાદીનું આરોપીએ બાવડું પકડી છેડતી કરી ફરીયાદીને છોડાવા સાહેદ વચ્ચે પડતા ફરીયાદી તથા સાહેદને ગાળો આપી ફરીયાદી તથા સાહેદના કપડા ફાડી નાખી, ફરીયાદી તથા સાહેદને લોખંડના સળીયા વતી હાથમાં મારી, ઈજા કરી, મારી નાખવાની ધમકી આપી, મ્હે. જીલ્લા મેજી.સાહેબ જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કો.કલમ ૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટ ૧૩૫ ગુનો કરેલ હોય તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. તેમજ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર પુરાવો પણ રેકર્ડ ઉપર આવેલ નથી જેના કારણે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય અને તેવા સંજોગોમાં આરોપીને સદર ગુનાના કામે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. જેથી ફરીયાદ પક્ષ આરોપી વિરુઘ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકતો શંકાથી પરે સાબિત કરવામાં નિષ્ફળ જાય છે. જેથી મુદ્દા નં.૧નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવેલ છે.

**મુદ્દા નંબર – (૨) :–**

(૧૯) ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ અન્વયે આરોપી વિરુધ્ધનો આક્ષેપીત ગુન્હો સાબીત કરવાનો પુરાવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો છે. ઉપરોકત મુદ્દા નં. ૧ માં કરેલ વિસ્તૃત ચર્ચા મુજબ, શંકા રહીત પુરાવાના અભાવે તે બોજાનું વહન કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નીવડેલ છે. જે સંજોગોમાં, આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના ગુન્હા કરેલાનું શંકાથી પરે પુરવાર થયેલ ન હોય, આરોપીને છોડી મુકવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ના હોઈ, ન્યાયના હીતમાં આરોપીને છોડી મુકતો હુકમ મુદ્દા નં. ૨ અન્વયે પસાર કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

(અ) આ કામના આરોપી ભરત ઉર્ફે કાળુ કરમણભાઈ ઉર્ફે બાબુભાઈ આહી રહે.મયુરનગર, પ્રાથમિક શાળાની બાજુમાં, તા.હળવદ, જી.મોરબીનાઓને સી.આર.પી.સી. કલમ–૨૪૮(૧)મુજબ ઈ.પી.કો. કલમ: ૩૨૩, ૩૫૪, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

(બ) આરોપીઓના ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન હાજર રહેવા માટે રજુ કરેલ ખત તથા જામીન આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ક) આ કામના આરોપી ધ્વારા અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા સારુ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ ૪૩૭(એ) મુજબ રજુ કરેલ જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા આ હુકમની તારીખથી છ માસ માટે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(ડ) અપીલ સમય પુરો થયેલથી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ઈ) ક્રિમીનલ મેન્યુઅલ પારા–૩૪૯(૧) મુજબ આંકે ન પડેલ કાગળો અપીલ/રીવીઝનનો નિર્ણય/નિકાલ થયા બાદ પોલીસ સ્ટેશને પરત કરવા.

(ફ) ફોર્મ–બી (બે ટેબ્યુલર સ્ટેટમેન્ટ) ફોજદારી મેન્યુઅલ ના નિયમ–૧૭૯(એ)(૧)(૨) મુજબ આ ઠરાવના ભાગ તરીકે સાથે સામેલ રાખેલ છે.

હુકમ આજ રોજ તા.૦૯મી માહે માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં હળવદ મુકામે વાંચી–સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

હળવદ.

તા.૦૯/૦૩/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.
કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*
*Steno.*